dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 95 | AD - 2025, Paush Sud - 08 | Tuesday, Dt.07-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# છત્તીસગઢના બીજાપુરમાં નક્સલી હુમલામાં ૮ સૈનિકો અને એક ડ્રાઈવર શહીદ






(એચ.એસ.એલ),બીજાપુર,તા.૦૬

છત્તીસગઢના બીજાપુરમાં મોટો નક્સલી હુમલો થયો હતો. અહીં એક મોટો આઈઈડી બ્લાસ્ટ થયો, સુરક્ષા દળનું વાહન કુત્રુ રોડ પરથી પસાર થયું કે તરત જ આઈઈડી બ્લાસ્ટ થયો હતો. આ હુમલામાં ૯ જવાનો શહીદ થયા હતા, જેમાં ૮ ડીઆરજી સૈનિકો અને એક ડ્રાઈવર સામેલ છે. કહેવામાં આવી રહ્યું છે કે કુત્રુ રોડ પર આઈઈડી બ્લાસ્ટથી સૈનિકોના વાહનને ઉડાવી દેવામાં આવ્યું હતું.

માહિતી આપતા, આઈજી બસ્તરે જણાવ્યું હતું કે છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓએ તેમના વાહનને આઈઈડી બ્લાસ્ટ દ્વારા ઉડાવી દીધા બાદ આઠ ડીઆરજી જવાન અને દંતેવાડાના એક ડ્રાઈવર સહિત નવ લોકોના મોત થયા હતા. તેઓ દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં સંયુક્ત ઓપરેશનમાંથી પરત ફરી રહ્યા હતા. લગભગ ૨.૧૫ વાગ્યે, બીજાપુર જિલ્લાના કુત્રુ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ગામ અંબેલી નજીક માઓવાદીઓ દ્વારા સુરક્ષા દળના વાહનને ઉડાવી દેવામાં આવ્યું હતું, જેમાં ૮ દંતેવાડા ડીઆરજી સૈનિકો અને એક ડ્રાઈવર શહીદ થયા હતા.




## ઈન્ડિયા ગેટનું નામ બદલીને 'ભારત માતા દ્વાર' કરવા બીજેપીની માંગ

નવીદિલ્હી,તા.૦૬



બીજેપી અલ્પસંખ્યક મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ દિલ્હીના ઈન્ડિયા ગેટનું નામ બદલવાની માંગ કરી છે. તેમણે પીએમ મોદીને પત્ર લખીને કહ્યું છે કે ઈન્ડિયા ગેટનું નામ બદલીને 'ભારત માતા દ્વાર' કરવામાં આવે. આ જ ભારતના શહીદોને સાચી શ્રદ્ધાંજલિ હશે. અગાઉ સરકારે ઘણા સ્થળોના જુના નામ બદલી નવા નામ કરી ભારતની સંસ્કૃતિ સાથે જોડ્યા છે તેવી જ રીતે, કૃપા કરીને ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરો. ઈન્ડિયા ગેટને ભારત માતામાં રૂપાંતરિત કરવું એ તે સ્તંભ પર અંકિત હજારો શહીદ દેશભક્તોના નામોને સાચી શ્રદ્ધાંજલિ હશે. મારી તમને નમ્ર વિનંતી છે કે કૃપા કરીને મારા પ્રસ્તાવ પર વિચાર કરો.'







## કર્ણાટકમાં એચએમપીવી વાયરસના બે કેસ નોંધાતા ફફડાટ

નવીદિલ્હી,તા.૦૬



ચીન બાદ હવે ભારતમાં પણ હ્યુમન મેટાપ્યુમોવાયરસ એટલે કે એચએમપીવીના કેસ નોંધાયા છે. આઈસીએમઆરએ તેના નિયમિત સર્વેલન્સ દ્વારા કર્ણાટકમાં હ્યુમન મેટાપ્યુમોવાયરસના બે કેસ શોધી કાઢ્યા છે. કર્ણાટકમાં બે શિશુઓમાં એચએમપીવી વાયરસના લક્ષણો નોંધાયા છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, એચએમપીવી વાયરસથી સંક્રમિત બ્રોન્કોપ્યુનિમોનિયાનો ઈતિહાસ ધરાવતા ૩ મહિનાના નવજાત બાળકને બેપ્ટિસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. તેની સારવાર કરીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. દરમિયાન, કર્ણાટકમાં એક ૮ મહિનાનું શિશુ, બ્રોન્કોપ્યુનિમોનિયાનો ઈતિહાસ ધરાવતો બાળક પણ ૩ જાન્યુઆરીએ એ જ હોસ્પિટલમાં એચએમપીવી વાયરસથી સંક્રમિત જોવા મળ્યો હતો.









# પીઠવડી-ગાધકડા રોડ બિસ્માર, તાત્કાલિક રિપેરીંગની ભૌતિક સુહાગીયાની માંગ

**રસ્તામાં મોટા ગાબડાને કારણે અકસ્માતનો ભય**

અમરેલી, તા.૦૬

પીઠવડી ગામના સરપંચ ભૌતિકભાઈ સુહાગીયાએ પીઠવડીથી ગાધકડા સુધીના રસ્તો તાત્કાલિક રિપેર કરવા માંગ કરી છે. સરપંચે પત્રમાં જણાવ્યા



મુજબ, આ માર્ગ પર મોટા-મોટા ગાબડાં પડી ગયા છે. રસ્તાની આવી ખરાબ સ્થિતિને કારણે રાહદારીઓ, મુસાફરો તેમજ નાના-મોટા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, રસ્તાની આ સ્થિતિમાં અકસ્માત થવાની સંભાવના પણ રહેલી છે. સરપંચે માર્ગની તાત્કાલિક મરામત માટે નાયબ કાર્યપાલક ઈજનેર, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતનાઓને રજૂઆત કરી છે.

**ખાણ માલિકોની મિલીભગતથી યંત્ર ખોટી દિશામાં મુકાયું હોવાનો આક્ષેપ**

# ધાતરવડી-૧ ડેમ પર વિવાદ : સિસ્મોલોજી યંત્રની ગોઠવણી સામે સરપંચોનો વિરોધ

રાજુલા, તા.૦૬

રાજુલાના ધાતરવડી-૧ ડેમ પાસે ચાલી રહેલા બ્લેક ટ્રેપ ખનન વિવાદમાં નવો વળાંક આવ્યો છે. ડેમની સલામતી માટે મૂકવામાં આવેલા સિસ્મોલોજી યંત્રની ગોઠવણી યોગ્ય દિશામાં ન થઈ હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચોએ કર્યો છે. વાવેરા અને ધારેશ્વર ગ્રામ



પંચાયતના સરપંચોના જણાવ્યા મુજબ, યંત્રને ડેમના પાળાની પશ્ચિમ દિશામાં મૂકવાને બદલે પૂર્વ દિશામાં મૂકવામાં આવ્યું છે. આના કારણે ભરડિયાઓથી યંત્રનું અંતર ૭૦૦ મીટર જેટલું વધી જાય છે, જે ખાણ માલિકોને ફાયદો કરી આપે છે. આ મામલે વધુ ગંભીર બાબત એ છે કે સિંચાઈ વિભાગે જણાવ્યા અનુસાર યંત્રની ગોઠવણી માટેની ટેન્ડર પ્રક્રિયા હજુ પૂર્ણ થઈ નથી. માત્ર એક જ પાર્ટીએ ટેન્ડર ભર્યું હોવાથી રી-ટેન્ડરિંગની પ્રક્રિયા ચાલી રહી છે. આવી સ્થિતિમાં હાલમાં મૂકવામાં આવેલું યંત્ર કોણે અને કયા હેતુથી મૂક્યું તે પ્રશ્ન ઊભો થયો છે. સરપંચોએ કલેક્ટર, સિંચાઈ વિભાગ અને ખાણ-ખનીજ વિભાગને આવેદનપત્ર આપી આરોપ કર્યો છે કે આ કાર્યવાહી ખાણ-ખનીજ વિભાગ, સિસ્મોલોજીકલ વિભાગ અને બ્લેક ટ્રેપ માઈન્સ માલિકોની મિલીભગતથી કરવામાં આવી રહી છે. તેમણે આ મામલે તાત્કાલિક તપાસની માગણી કરી છે.

# અમરેલી તાલુકામાં ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ થયો

અમરેલી, તા.૦૬

અમરેલી તાલુકામાં ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત તાલુકા કક્ષાની વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. બહેનો માટે ૭ જાન્યુઆરીએ વિદ્યાસભા સ્કૂલ ખાતે સવારે ૭ વાગ્યાથી સ્પર્ધાઓ યોજાશે. કબડ્ડી સ્પર્ધા ૮ જાન્યુઆરીએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે, વોલીબોલ ૯ જાન્યુઆરીએ વિદ્યાસભા સ્કૂલમાં અને ચેસ સ્પર્ધા ૧૦ જાન્યુઆરીએ નૂતન મિડલ સ્કૂલમાં યોજાશે. રસ્સાખેંચ સ્પર્ધા ૧૧ જાન્યુઆરીએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં, ખો-ખો ૧૨ જાન્યુઆરીએ તુની વિદ્યા મંદિર-જેસીંગપરા ખાતે અને યોગાસન સ્પર્ધા ૧૩ જાન્યુઆરીએ પી. એમ.શ્રી જેસીંગપરા કન્યાશાળામાં યોજાશે. સ્પર્ધકોએ KMK રજીસ્ટ્રેશન સ્લિપ અને આધારકાર્ડ સાથે રાખવા ફરજિયાત છે.

# જાફરાબાદના સર્વાંગી વિકાસ માટે તાલુકા સંકલનની બેઠક યોજાઈ

જાફરાબાદ, તા.૬

જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે ડે. કલેક્ટર મહેશભાઈ બરસરાની અધ્યક્ષતામાં તાલુકા સંકલનની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા અને શહેરના સર્વાંગી વિકાસ માટે પ્રાથમિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં



**હાલની સરકારી યોજનાઓની અમલવારીની સમીક્ષા કરાઈ**

હાલની સરકારી યોજનાઓની અમલવારીની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ ખેતી, આરોગ્ય, કાયદો - વ્યવસ્થા અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સુધારા તેમજ વિકાસ માટે અભિપ્રાય અને પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ તાલુકા સંકલન બેઠકમાં પ્રાંતના અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# ધારીના ભરડ ગામે સ્મશાન પાસેથી ૧૬ લીટર દેશી દારૂ પકડાયો

**જિલ્લામાં કુલ 33 લીટર દેશી દારૂ ઝડપાયો**

અમરેલી, તા.૦૬

ધારીના ભરડ ગામે સ્મશાન પાસેથી પોલીસે ૧૬ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ સિવાય પાંચ જગ્યાએથી ૧૭ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. જિલ્લામાંથી કુલ ૩૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. રાજુલામાં હિંડોરણા પુલની પાસે ધાતરવાડી નદીના કાંઠેથી દેશી દારૂ બનાવવાનો ૫ લીટર આથો પકડાયો હતો. અમરેલીમાં જૂના માર્કેટિંગ યાર્ડ પંચનાથ મહાદેવ મંદિર પાછળથી ભારતીય બનાવટના વિદેશી દારૂની એક બોટલ મળી આવી હતી.

# બાબરા તાલુકાના ગમાપીપળીયામાં આંગણવાડી કેન્દ્ર-૩૭નું નવીનીકરણ

બાબરા, તા.૦૬

બાબરાના ગમાપીપળીયા ગામમાં આંગણવાડી કેન્દ્ર-૩૭નું તાજેતરમાં ગ્રામ પંચાયત દ્વારા નવીનીકરણ કરાયું હતું. તેનું ઉદ્‌ઘાટન ઉપસરપંચ વિસાભાઈ વાઢીયા, સભ્ય વિનુભાઈ પાનશેરીયા તેમજ પૂર્વ દાતા દેવજીદાદાના પરિવારના જેન્તીભાઈ માળવિયા, કિસાન સંઘના પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયા, આગેવાન લાખાભાઈ વાઢીયા, આંગણવાડી સંચાલિકા વંદનાબેન, સુપરવાઈઝર લલીતાબેન વગેરે દ્વારા કરાયું હતું. આંગણવાડી રૂમના દાતા દેવજીભાઈ હરજીભાઈ



માળવીયા તરફથી ૩૦ વર્ષ પહેલા તે બંધાવી આપેલ હતું. આ ઉપરાંત આંગણવાડી રૂમની આગળ બ્લોકના દાતા વિહાભાઈ વાઢીયા અને બાબુભાઈ માળવિયા છે. દાતા અને ગ્રામજનોનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલા શહેરમાંથી છ શકુની રૂ.૪૭૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાંથી પોલીસે છ જુગારીઓને રોકડા ૧૫,૩૦૦ સહિત કુલ રૂ.૪૭,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. દારૂગડા શેરીમાંથી પોલીસે આસીફભાઈ ઉર્ફે ભુરો નાસીરભાઈ સૈયદ, રજાકભાઈ રસુલભાઈ કુરેશી, ઈરફાનભાઈ હનીફભાઈ બાવનકા, રીયાઝભાઈ ઈબ્રાહીમભાઈ બાવનકા, વસીમભાઈ ઈબ્રાહીમભાઈ કાલવા તથા વસીમભાઈ મુસાભાઈ તરકવાડીયા જાહેરમાં ગંજીપતાના પાના વડે પૈસાનો હારજીતનો તીનપતીનો જુગાર રમી રમતા કુલ રોકડા રૂ.૧૫,૩૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૦૬ કુલ કિં.રૂ.૩૨,૫૦૦ મળી કુલ કિં.રૂ.૪૭૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# મુંબઈસ્થિત દાતા દ્વારા મોટા લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે સેવાકાર્ય

બગસરા, તા.૦૬

બગસરાના વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા, મોટા લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે, જરૂરિયાતમંદ પરિવારો માટે મેડિકલ સાધન સહાય આપવામાં આવી હતી. મુંબઈના જાણીતા દાતા કિશોરભાઈ હરીભાઈ દડીયા પરિવારના આર્થિક સહયોગથી ગામના ભોજલરામ મિત્ર મંડળ દ્વારા ભાવનગર, અમરેલી જિલ્લાની બોર્ડર ઉપર, સાવરકુંડલા, ગારીયાધાર અને મોટા લીલીયાની સરહદે આવેલા



તસવીર : હાર્દિક બામટા

અંતરીયાળ વિસ્તારોમાં આ મેડિકલ સાધનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સહાયના લોકાર્પણ કાર્યક્રમમાં ગ્રામજનો અને પ્રાથમિક શાળા પરિવાર ઉપસ્થિત રહેલ, તેમ ભોજલરામ મિત્ર મંડળના પ્રમુખ ચીમનભાઈ સાવલીયાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ભેરાઈમાં ગેસ પાઈપલાઈનનો રૂટ બદલવા સાંસદ ભરત સુતરીયાને રજૂઆત : રિ-સર્વેની ખાતરી

રાજુલા, તા.૦૬

રાજુલા તાલુકાના ભેરાઈ ગામના આગેવાનોએ કંડલા-ગોરખપુર ગેસ પાઈપલાઈનના આડેધડ આયોજન મુદ્દે સાંસદ ભરતભાઈ સુતરીયાને રજૂઆત કરી છે. ગામના યુવા સરપંચ વાલભાઈ રામ, ઉપસરપંચ શિવાભાઈ રામ સહિતના આગેવાનોએ સાંસદ સાથે ખાસ મુલાકાત કરી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ

ગ્રામજનોએ જણાવ્યા મુજબ, હાલમાં પ્રસ્તાવિત પાઈપલાઈન ભેરાઈથી નિગાળા વચ્ચેના ખેડૂતોની કિંમતી જમીનમાંથી પસાર થાય છે. તેના બદલે ભેરાઈ ગામના સર્વે નંબર ૬૦૩ની સરકારી પડતર જમીનમાંથી પાઈપલાઈન નાખવામાં આવે તો ખેડૂતોની જમીન બચી શકે તેમ છે. આ ઉપરાંત, સરકારને પણ ખેડૂતોને મોંઘું વળતર ચૂકવવામાંથી મુક્તિ મળશે. સાંસદ સુતરીયાએ ખેડૂતોની રજૂઆતને ગંભીરતાથી લઈ હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. તેમણે સંબંધિત વિભાગને સૂચના આપી રિ-સર્વે કરાવવાની ખાતરી આપી હતી.

# પરિણીતાનું બાવડું પકડી ‘રસ્તો તારા બાપનો નથી’ કહી જાનથી મારવાની ધમકી આપી

**તને કોઈ ગોતવા પણ નહી આવે તેમ કહ્યું**

અમરેલી, તા.૦૬

અમરેલીના નાના માચીયાળા ગામે એક પરિણીતાનું બાવડું પકડીને ‘આ રસ્તો તારા બાપનો નથી, અહીંથી જતી રહે’ તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ફફડી ઉઠેલી સોનલબેન નજુભાઈ આલાણી (ઉ.વ.૪૦)એ વિઠ્ઠલભાઈ ઠાકરશીભાઈ ભાદાણી, બટુકભાઈ ભાદાણી, રીટાબેન બટુકભાઈ, બટુકભાઈના માતા અને મૌલીક બટુકભાઈ, નયનાબેન ભાદાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદણ ધ્રુવીલાબેન ચાલીને જતા હતા અને ચાલીને જવાનો રસ્તો જે.સી.બી.ના ઉપયોગ વડે બંધ કરતા હતા. જેથી આરોપીએ તેમને તથા સાહેદણને આ રસ્તે ચાલતા નહીં. રસ્તો અમો બંધ કરીએ છીએ. જેથી તેમણે કહ્યું કે આ રસ્તે અમો વર્ષોથી ચાલીએ છીએ. અમારા પુરુષો સાથે વાત કરી રસ્તો બંધ કરજો તેમ કહેતા તેને તથા સાહેદણને ગાળો આપવા લાગ્યા હતા. તેમજ તેનું બાવડું પકડી ગુનાહીત બળ વાપરી આ રસ્તો તારા બાપનો નથી, અહીંથી જતી રહે નહીતર તમને બંનેને જાનથી મારી નાખીશું, તને કોઈ ગોતવા નહી આવે અને બધા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.

નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ધારાસભ્ય હિરાભાઈ સોલંકીના હસ્તે ૪ કરોડના ખર્ચે નિર્મિત રસ્તાઓનું લોકાર્પણ

રાજુલા, તા.૦૬



રાજુલા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજિત ૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૪૦ નવા રસ્તાઓનું લોકાર્પણ ધારાસભ્ય હિરાભાઈ સોલંકી તથા સંતો-મહંતોના હસ્તે કરવામાં આવ્યું હતું. વર્ષો જૂના રસ્તાઓના પ્રશ્નોથી શહેરીજનો હેરાન-પરેશાન થઈ રહ્યા હતા, જેના નિરાકરણ રૂપે આ નવા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારો જેવા કે ચંદા ગેસ્ટ હાઉસથી ડુંગર રોડ, મીરાનગર, ભરતનગર, આમ્રપાલી સોસાયટી, બલરામનગર, ભાખડાનગર, ઘેટાગાળો, દોડીનો પટ, સ્વામિનારાયણ નગર, મનમંદિર, શ્રમજીવી નગર અને બાવળીયાવાળી સહિતના વિસ્તારોમાં નવા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાધુ-સંતો, નગરપાલિકાના પૂર્વ પ્રમુખો, પૂર્વ સદસ્યો, વેપારીઓ, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં શહેરના અગ્રણીઓ જેવા કે જીગ્નેશભાઈ પટેલ, કેતનભાઈ શિયાળ, હરસુરભાઈ લાખણોત્રા, ધીરજભાઈ પુરોહિત, સંજયભાઈ ધાખડા, મહેન્દ્રભાઈ ધાખડા સહિત અનેક વેપારી આગેવાનોએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

**ખાણ ખનીજ વિભાગ દ્વારા રૂા.૧ કરોડનો મુદ્દામાલ ઝપ્ત કરાયો**

# અમરેલીમાં ઘોડા છૂટી ગયા પછી ખાણ ખનીજ વિભાગ દ્વારા તબેલે તાળા

**વર્ષો સુધી બેરોકટોક રેતખનન થયા બાદ અચાનક ખાણ ખનીજ વિભાગમાં જાગૃતતા આવી**

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લામાં બેરોકટોક રેતખનન થતું હોવાની વર્ષોથી વ્યાપક ફરિયાદો થઈ રહી હોવા છતાં ખનીજ વિભાગ નિંદ્રાની મુદ્રામાં હતું. જેમાંથી અચાનક જ સફાળુ જાગતા ૧ કરોડના મુદ્દામાલ સાથે ખનીજ ચોરી પકડતા રેતમાફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ખનીજ વિભાગે વહેલી સવારે કુંકાવાવ-વડીયા માર્ગ ઉપર રેતી ભરેલા ૩ ડમ્પરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તથા ૩ કાર્બોસેલનાં ડમ્પર રોયલ્ટી વગરના ઝડપી સિઝ કરવામાં આવ્યા છે. આમ કુલ ૬ ડમ્પર ઝડપી પાડતા ખનીજ ચોરી કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. અંદાજે ૧ કરોડ જેટલો મુદ્દામાલ ખાણ ખનીજ વિભાગ દ્વારા ઝપ્ત કરવામાં આવેલ છે.

# ખેડૂતો માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની સાઈટ શરૂ કરવા માગણી

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ ડોડિયા જુનેદ દ્વારા કૃષિ મંત્રી રાઘવજી પટેલને પત્ર લખીને ખેડૂતો માટે ઓનલાઇન રજિસ્ટ્રેશનની સાઇટ શરૂ કરવા માગણી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડીયા-કુંકાવાવ તાલુકામાં છેલ્લા ૨૦ દિવસથી ઓનલાઇન રજિસ્ટ્રેશન સાઇટ બંધ હોવાથી નોંધણી કરાવવા આવતા ખેડૂતોને અનેક મુશ્કેલી પડે છે. આ અંગે તાત્કાલિક પગલા લઈ ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓનો નિકાલ લાવવો જોઈએ. તેમણે આ પત્રની નકલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અમરેલી કલેક્ટરને પણ મોકલી છે.

# રાજુલાની સંઘવી હાઈસ્કૂલ દ્વારા નવા આગરીયા ગામે એન.એસ.એસ. શિબિરનું આયોજન

રાજુલા,તા.૦૬



તસવીર : ગોપાલ રાઠોડ

શ્રી જે.એ.સંઘવી હાઈસ્કૂલ-રાજુલાના એન.એસ.એસ. યુનિટે નવા આગરીયા ગામે વાર્ષિક શિબિરનું સફળ આયોજન કર્યું હતું. જેમાં વિવિધ સામાજિક અને જાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. શિબિર અંતર્ગત ગ્રામ સફાઈ અભિયાન, વૃક્ષારોપણ કાર્યક્રમ અને પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા. ઉપરાંત ભીંતસૂત્રો દ્વારા જનજાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તા. ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર-સાવરકુંડલાના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૮૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ નવકાર બ્લડ બેન્ક-મહુવાના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૫ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું હતું. શિબિરને સફળ બનાવવામાં શાળાના ટ્રસ્ટી બીપીનભાઈ લહેરી અને આચાર્ય જે.એમ.વાઘના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર એમ.એમ. નિમાવત અને મદદનીશ શિક્ષક એચ.ડી. ગુજરીયા સહિત સમગ્ર શાળા પરિવારે યોગદાન આપ્યું હતું. નવા આગરીયા ગામના સરપંચ, ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળા પરિવારનો સહયોગ પ્રાપ્ત થયો હતો.


સંકુલ PG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ

★ MA(Psy) Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Com.(EM) Sem. I – 94% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.Sc.(Micro) Sem. I – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Ed. Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ B.Pharm Sem. I – 92% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.B.A. Sem. III – 96% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ-ચક્કરગઢ રોડ અમરેલી -Ad 090


**CHANGE NAME**

I undersigned I GELANI SURESHBHAI RAMJIBHAI have changed my name from GELANI SURESHKUMAR RAMJIBHAI to GELANI SURESHBHAI RAMJIBHAI now I will be known as GELANI SURESHBHAI RAMJIBHAI

signed: GELANI SURESHBHAI RAMJIBHAI

address: Kalpi Park, AT. Lathi, Ta.Lathi, Dist.Amreli-365430


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338


**-//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ અરજી નં.૦૪/૨૦૨૫

અરજદાર :- શ્રી લલીતાબેન રમણીકભાઈ ભુવા
રહે. ગજેરા પરા, તળાવિયાની વાડી પાસે,
ઘુસાભાઈ તળાવિયાની બાજુમાં, તા/જી-અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં લલીતાબેન રમણીકભાઈ ભુવા તેમના મોટાભાઈનો દિકરો શ્રી બકુલભાઈ લાલજીભાઈ નાકરાણીનો જન્મ (તા.૦૧/૦૧/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.


આજ તા......./૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
જી.જી.બાવીસા
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી




ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
SHREE HARI PVC FURNITURE
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૬૧/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મુકેશભાઈ લાલજીભાઈ નાકરાણી
રહે. પી.એલ.૧૩૪, આનંદધારા રો હાઉસ-૨, દરબાર ફળીયાની પાછળ, સુરત

- //વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી કેરાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(3) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી જીમીશા મુકેશભાઈ નાકરાણીનો જન્મ તા.૧૦/૧૦/૧૯૯૮ ના રોજ મુ. કેરાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લોકશાળા ખડસલીનો ભવ્ય વાર્ષિકોત્સવ સંપન્ન, શિક્ષણ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ

સાવરકુંડલા, તા.૦૬



શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત લોકશાળા ખડસલીમાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં હિંમતભાઈ ગોડા, મનોહરભાઈ ત્રિવેદી, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી અને અરૂણભાઈ દવે જેવા મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થના અને મધુર કંઠે ગીતો રજૂ કર્યા હતા. ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શિક્ષણમાં ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું અને શિક્ષણ અંગે મૂલ્યવાન સૂચનો કર્યા હતા. દોસ્તભાઈ બ્લોચ સહિત અન્ય મહાનુભાવોએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વાલી પ્રતિનિધિ તરીકે ઘનશ્યામદાસ ગોંડલીયાએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. બપોરે ચાર વાગ્યે મેદાની કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પરેડ, અંગ કસરત, સિંગલ બાર, ડબલ બાર, સીડી, મલખમ, લાઠી અને લેજીમ જેવી વિવિધ કસરતો રજૂ કરી હતી. આ પ્રદર્શનથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

# અમરેલી જિલ્લાના રેલવે મુદ્દા અંગે ભરત સુતરીયાની અધિકારીઓ સાથે ચર્ચા

અમરેલી, તા.૦૬



ભાવનગર રેલવે ડિવિઝન અંતર્ગત DRM અને રેલવે વિભાગના તમામ અધિકારીઓની એક બેઠક સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે યોજાઇ હતી. જેમાં અમરેલી જિલ્લા સંબંધિત વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દા અંતર્ગત ૧. અમરેલી-ધારી-વેરાવળ અને અમરેલી-ધારી-વિસાવદર-જૂનાગઢ વચ્ચે નવી રેલવે બ્રોડગેજ લાઇન બાબતે ફોરેસ્ટ વિભાગ પાસેથી વાઇલ્ડ લાઇફની મંજૂરી મેળવવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ૨. અમરેલીથી અમદાવાદ-સુરત માટે નવી ટ્રેન મંજૂરી માટેની ચર્ચા થઇ હતી. ૩. અમરેલીથી સુરત-મંબઇ જવા માટે વાયા-બોટાદ-તારાપુર-વડોદરા રેલવે ટ્રેક માટે સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ૪. મહુવા-ઢસા માટે નવી ટ્રેનની માંગણી અંગે ચર્ચા થઈ હતી. અને ૫. અમરેલી અને ભાવનગર જિલ્લાના તમામ રેલવે સ્ટેશન પર પાણી, પંખા, બેસવાના બાંકડા, સેનીટેશન જેવી પ્રાથમિક સુવિધા લોકોને મળે તે માટે તમામ રેલવે અધિકારીઓને જણાવ્યું હતું.

# અમરેલીના મોટા ઉજળા ગામની સીમમાં પતિ સાથે રકઝક બાદ પત્નીએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૦૬

અમરેલીના મોટા ઉજળા ગામની સીમમાં પતિ સાથે રકઝક બાદ પત્નીએ ખડમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે મધ્યપ્રદેશના ભાભરાના બડી માલપુરના લાલીબેન જીતેનભાઈ ગણાવા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, તેમની નાની દીકરી સુતી નહોતી અને તોફાન કરતી હતી. જેથી તેઓ દીકરીને ખીજાઈ અને તોફાન નહીં કરવાનું કહેતા પતિએ રકઝક કરી હતી. જેથી તેમને લાગી આવતાં ખડમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા એક યુવકની વિરુદ્ધ તેની પત્નીએ કેસ કર્યો હતો. જેથી તેને મનમાં લાગી આવતાં ફીનાઇલ પીધું હતું.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં 'નવસર્જન' વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

સાવકુંડલા, તા.૦૬



સાવરકુંડલા શહેરના શિક્ષણ અને સંસ્કારના ધામ સમા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં તા. ૪-૧-૨૫ના રોજ સાંજે ૬-૩૦ કલાકે 'નવસર્જન' વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અત્યાધુનિક ડિજિટલ સિસ્ટમ સાથે યોજાયેલા આ કાર્યક્રમે સમગ્ર અમરેલી જિલ્લામાં અનોખી ભાત પાડી હતી. મહેશભાઈ કસવાળા, મેહુલભાઈ ત્રિવેદી સહિત અનેક રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગઢપુરથી વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી, માંગરોળથી કોઠારી પૂર્ણપ્રકાશદાસજી સ્વામી સહિત અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રજૂ થયેલી વિવિધ કૃતિઓમાં માતૃવાત્સલ્ય અને પિતૃપ્રેમને રજૂ કરતું અભિનય ગીત, ભગવાન સ્વામિનારાયણની પાલખીની શાહી સવારી, તલવાર રાસ અને નાટક જેવી કૃતિઓએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

# ખાંભામાં પતિએ પત્નીને માર મારી ધમકી આપી

ખાંભા, તા.૦૬

ખાંભામાં રહેતી એક પરિણીતાને તેના પતિ તથા દિયરે માર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રેખાબેન હિંમતભાઈ ચુડાસમા (ઉ.વ.૨૬)એ પતિ પ્રવિણભાઈ હીંમતભાઈ ચુડાસમા તથા દીયર મુકેશભાઈ હીંમતભાઈ ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિ તેમની દીકરીઓ સાથે ટી.વી. જોવા બાબતે બોલાચાલી કરતા હતા. જેથી તેઓ દીકરીને સમજાવતા તેમની સાથે બોલાચાલી કરી ગાળો દઈ, શંકા વહેમ કરી ઝઘડો કરતા હતા. આ દરમિયાન તેમના દિયર આવી જતા બન્નેએ માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાની જે.એ. સંઘવી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા NSS યુનિટ કેમ્પ યોજાયો

**આ કેમ્પમાં વિવિધ સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાઈ**

રાજુલા, તા.૦૬



રાજુલાની જે.એ. સંઘવી હાઈસ્કૂલના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તાલુકાના નવા આગરીયા ગામે "NSS UNIT CAMP"નું આયોજન કરવામાં આવેલ. જેમાં ગ્રામ સફાઈ, સુવિચાર, ભીતસૂત્રો, અંધશ્રદ્ધા નિવારણ, પર્યાવરણ જાગૃતિ, વ્યસનમુક્તિ અભિયાન, વૃક્ષારોપણ, સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ જેવી વિવિધ સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ હતી.

# જાફરાબાદના મોટા માણસા ગામે ખિસ્સામાંથી છરી કાઢી આટલી જ વાર લાગશે કહી ધમકી આપી

જાફરાબાદ, તા.૬

જાફરાબાદના મોટા માણસા ગામે રહેતા અને લાઈટ ફિટિંગનો ધંધો કરતાં મનોજભાઈ રાજાભાઈ જોગદીયા (ઉ.વ.૪૦)એ પ્રેમજીભાઈ ઉર્ફે પ્રવિણભાઈ સોમાભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ફરિયાદી તેના ઘરેથી ગામમાં દૂધ લેવા જતા હતા તે દરમિયાન પીપળાવાળી શેરીમાં મેઈન રોડે પહોંચ્યા હતા.

તેમની બાજુમાં રહેતા આરોપી આવીને તેમને 'તારે હવા બોવ વધતી જાય છે' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ એક ઝાપટ મારી તેના ખિસ્સામાંથી નાની છરી કાઢી 'આટલી જ વાર લાગશે' તેમ કહી હવે જો તું બહાર નીકળી અને 'મને ભેગો થઈશ તો તારૂ કુપનમાંથી નામ નીકળી જશે' તેમ જણાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મિલકત મુદ્દે ભાઈઓમાં ઝઘડો થયો

અમરેલી, તા.૦૬

અમરેલીમાં મિલકત બાબતે ભાઈઓમાં ઝઘડો થયો હતો. ભીખાલાલ વનમાળીદાસ અગ્રાવત (ઉ.વ.૬૯)એ ભરતભાઈ વનમાળીદાસ અગ્રાવત સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી અપરણીત હોવાથી તેમની સાથે રહેતા હતા. દસેક વર્ષથી મિલકત બાબતે ખોટી રીતે ભાઈઓ ભાગ માંગી અવારનવાર ઝઘડો કરતા હતા. જે વાતનો ખાર રાખી તેમને ધારીયા વડે માર મારી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ:આઠમ
તા. ૦૭-૦૧-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૩૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

**તા.૦૭-૦૧-૨૦૨૫ — મંગળવાર**

મેષ: આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો.

વૃષભ: આજે દરેક બાબતમાં તમારે થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે.

મિથુન: આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો.

કર્ક: આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે.

સિંહ: આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યા: આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો ખરાબ કાર્યો સુધરશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે.

તુલા: આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે.

વૃશ્ચિક: આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે.

ધન: આજ તમારી રાશિ પર ગ્રહોની ખાસ કૃપા છે. ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકર: આજે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે.

મીન: આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.









**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૬૦/૨૦૨૫ — તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ગીરીશભાઈ જવેરભાઈ જીકાદરા
રહે. એ-૪૧, અવધુત નગર સોસાયટી, કતારગામ, સુરત

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી વણોટ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાઈશ્રી જયેશકુમાર જવેરભાઈ જીકાદરાનો જન્મ તા.૦૧/૧૨/૧૯૮૧ ના રોજ મુ. વણોટ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા કોર્ટમાં**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૧/૨૦૨૪

અરજદારશ્રી:- શ્રી પરમાર સુરેશકુમાર પરષોતમભાઈ,
રે. વાલ્મીકી વાસ, અમરેલીરોડ તા.સાવરકુંડલા જિ. અમરેલી

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટા બા પરમાર લક્ષ્મીબેન વાલાભાઈનું મરણ તા.૧૨/૦૬/૧૯૮૬ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યા.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૨૪/૨૦૨૫ — તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. સોહાગીયા સવિતાબેન ડાયાભાઈ
રહે. મુ.પીઠવડી તા.સાવરકુંડલા જી. અમરેલી

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી સોહાગીયા ગુલાબબેન ડાયાભાઈનો જન્મ તા.૦૮/૧૦/૧૯૮૨ ના રોજ મુ. પીઠવડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

તંત્રી લેખ

# ચાઇનાના ખતરનાક વાઇરસની ભારતમાં એન્ટ્રી

કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવીત થયું હતું. આ વાયરસનો ઉદ્‌ભવ ચીનમાં થયો હતો. કોરોના મોટાભાગના દેશોમાંથી નષ્ટ થયો છે પરંતુ એ જ ચીનની અંદર એક નવો વાયરસ પેદા થયો છે અને જગતભરમાં ચિંતાની લહેર પ્રસાવી દીધી છે. ભારતમાં પણ તેના ત્રણ કેસ પ્રાપ્ત થતા સમગ્ર દેશમાં ચિંતાનું મોજુ પ્રસરી ગયું છે.

ચીનનો ખતરનાક વાયરસ ભારતમાં પ્રવેશ્યો છે. કર્ણાટકમાંથી આ વાયરસના ૨ કેસ નોંધાયા છે. કર્ણાટકમાં એચપીવીના ૨ કેસ નોંધાયા છે, જેમાં ત્રણ મહિનાની છોકરી અને ૮ મહિનાનો છોકરો એચપીવી વાયરસથી સંક્રમિત જોવા મળ્યા છે. ભારતમાં આ વાયરસના આ પ્રારંભિક કેસો છે. એચપીવી વાયરસના કેસ સામે આવ્યા બાદ ભારત સરકાર એલર્ટ મોડમાં આવી ગઈ છે. આરોગ્ય વિભાગે તાકીદની બેઠક બોલાવી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે એચપીવી વાયરસે ચીનમાં હજારો લોકોને સંક્રમિત કર્યા છે. ત્યાંની સ્થિતિ કાબૂ બહાર થઈ રહી છે, હોસ્પિટલોની બહાર દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. આ વાયરસ ગુજરાતમાં પણ પહોંચ્યો છે, ૨ મહિનાનું બાળક સંક્રમિત થયું છે.

ગુજરાતના ચાંદખેડાની ખાનગી ઓરેન્જ હોસ્પિટલમાં ૨ મહિનાના બાળકમાં એચપીવી વાયરસ મળી આવ્યો છે. હોસ્પિટલના ડોક્ટરે કહ્યું કે બીજો રિપોર્ટ હજુ બાકી છે. બાળક મૂળ ડુંગરપુરનો છે. તે થોડા સમય માટે મોડાસાની હોસ્પિટલમાં દાખલ હતો. હાલમાં તે ચાંદખેડાની ઓરેન્જ હોસ્પિટલમાં દાખલ છે. બાળકની ઓરેન્જ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મેટાપ્ન્યુમોવાયરસ પોઝિટિવ છે, પરંતુ તે ચાઈના વેરિઅન્ટ છે જેની તપાસ કરવાની જરૂર છે. બાળક હવે સ્વસ્થ છે અને તેને રજા આપવામાં આવશે. તબીબોના મતે આ વાયરસથી વૃદ્ધોએ ચિંતા કરવાની જરૂર નથી.


એચપીવી વાયરસ વિશે ચીન દ્વારા હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી આપવામાં આવી નથી. એવું લાગે છે કે ચીન એચપીવી વાયરસને લઈને બગડતી પરિસ્થિતિને લઈને ઘણું છુપાવી રહ્યું છે. પરંતુ તે ચોક્કસપણે પ્રકાશમાં આવ્યું છે કે તેના લક્ષણો કોરોના વાયરસના ચેપ જેવા જ છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે એચપીવી વાયરસથી સંક્રમિત દર્દીઓમાં મૃત્યુ દર હજુ પણ નહિવત છે.

દિલ્હી સરકાર હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ એચપીવી વાયરસને લઈને પણ એલર્ટ મોડમાં છે. ચેપ સામે લડવા માટે અહીં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ એચપીવી અને અન્ય શ્વસન ચેપ સંબંધિત સંભવિત સ્વાસ્થ્ય પડકારો અંગે સજ્જતા સુનિશ્ચિત કરવા માટે દિલ્હીના આરોગ્ય મંત્રાલયે રવિવારે એક એડવાઈઝરી જારી કરી હતી. એક નિવેદન અનુસાર, ડાયરેક્ટર જનરલ (સ્વાસ્થ્ય સેવાઓ) ડૉ. વંદના બગ્ગાએ દિલ્હીમાં શ્વસન સંબંધી રોગોનો સામનો કરવા માટેની તૈયારી અંગે ચર્ચા કરવા માટે રવિવારે મુખ્ય જિલ્લા તબીબી અધિકારીઓ અને આઈડીએસપીના રાજ્ય કાર્યક્રમ અધિકારી સાથે બેઠક યોજી હતી. ભલામણો હેઠળ, હોસ્પિટલોને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી અને ગંભીર તીવ્ર શ્વસન ચેપને રોકવા માટે નિર્દેશિત કરવામાં આવ્યા છે.

# વિશ્વનો સૌથી મોટો ૩,૨૦૦ મેગા પિક્સલનો ડિજિટલ કેમેરો

ડિજિટલ કેમેરા એ કેમેરાનો એક પ્રકાર છે જે ડિજિટલ ફોર્મેટમાં ફોટોગ્રાફ્સ કેપ્ચર કરે છે, ફોટોગ્રાફિક ફિલ્મને બદલે ઈલેક્ટ્રોનિક રીતે ઈમેજો સ્ટોર કરે છે. આ કેમેરો કેવી રીતે કામ કરે છે તે વિષે જાણવું જરૂરી છે. ત્યારબાદ આપણે વિશ્વના સૌથી મોટા કેમેરા અંગે જાણકારી પ્રાપ્ત કરશું.

ઈમેજ સેન્સર: ડિજિટલ કેમેરાનું હૃદય તેનું ઈમેજ સેન્સર છે. સામાન્ય રીતે CCD એટલે કે (ચાર્જ-કપ્લ્ડ ડિવાઈસ). આ એક એવી ડિવાઈસ છે જે લો વોલ્ટેજ વીજ પાવરથી ચાર્જ થાય છે. મતલબ કે એક્ટિવ ડિવાઈસ છે. અથવા CMOS (કોમ્પ્લિમેન્ટરી મેટલ-ઓક્સાઈડ-સેમિકન્ડક્ટર) સેન્સર. આ સેન્સર પ્રકાશને વિદ્યુત સંકેતોમાં રૂપાંતરિત કરે છે. લેન્સ: આને તમે કેમેરાની આંખ કહી શકો છો. જે લેન્સ ઈમેજ સેન્સર પર પ્રકાશ ફોકસ કરે છે. શટર: સેન્સર પ્રકાશના સંપર્કમાં આવવાના સમયને નિયંત્રિત કરે છે. આ કન્ટ્રોલ ડિવાઈસ છે. ઈમેજ પ્રોસેસિંગ: કેમેરાનું પ્રોસેસર સેન્સરમાંથી વિદ્યુત સંકેતોને ડિજિટલ ઈમેજ ફાઈલમાં રૂપાંતરિત કરે છે (સામાન્ય રીતે JPEG અથવા RAW) ફોર્મેટમાં હોય છે. સ્ટોરેજ: ડિજિટલ ઈમેજીસ મેમરી કાર્ડ્સ (જેમ કે SD કાર્ડ) પર અથવા કેમેરામાં આંતરિક રીતે સંગ્રહિત થાય છે. ડિજિટલ કેમેરાના પ્રકાર: પોઈન્ટ-એન્ડ-શૂટ: કોમ્પેક્ટ અને ઉપયોગમાં સરળ, કેઝ્યુઅલ ફોટોગ્રાફી માટે આદર્શ છે . DSLR (ડિજિટલ સિંગલ-લેન્સ રીફ્લેક્સ): ઉત્સાહીઓ અને વ્યાવસાયિકોમાં લોકપ્રિય વધુ નિયંત્રણ અને બદલી શકાય તેવા લેન્સ ઓફર કરે છે. મિરરલેસ: DSLR ની જેમ જ પરંતુ અરીસા વિના, તેમને નાના અને ઘણીવાર વધુ હલકા બનાવે છે. એક્શન કેમેરા: આત્યંતિક રમતો દરમિયાન છબીઓ અને વીડિયો કેપ્ચર કરવા માટે રચાયેલ છે. ૩૬૦-ડિગ્રી કેમેરા : બધી દિશામાં એકસાથે છબીઓ અથવા વીડિયો કેપ્ચર કરે છે. આવા કેમેરા અમદાવાદ, ભાવનગરથી મળી અમરેલી જેવા નાના નગરોમાં સીસી કેમેરા તરીકે જોઈ શકો છો. મુખ્ય વિશેષતાઓ : મેગાપિક્સેલ: ઈમેજ સેન્સરનું રિઝોલ્યુશન માપો, તેમાં રહેલા પિક્સેલ્સની સંખ્યા દર્શાવે છે. ઉચ્ચ મેગાપિક્સેલનો અર્થ સામાન્ય રીતે વધુ વિગતવાર થાય છે. ઝૂમ : તમને દૂરના વિષયોને વિસ્તૃત કરવાની મંજૂરી આપે છે. ઈમેજ સ્ટેબિલાઈઝેશન : કેમેરા શેકને કારણે અસ્પષ્ટતા ઘટાડવામાં મદદ કરે છે. ISO: કેમેરાની પ્રકાશ પ્રત્યેની સંવેદનશીલતાને નિયંત્રિત કરે છે. વીડિયો રેકોર્ડિંગ: ઘણા ડિજિટલ કેમેરા પણ વીડિયો રેકોર્ડ કરી શકે છે. ડિજિટલ કેમેરાના



ફાયદા: ત્વરિત પરિણામો: તરત જ છબીઓ જુઓ અને શેર કરો. પોર્ટેબિલિટી: કોમ્પેક્ટ અને વહન કરવા માટે સરળ. વર્સેટિલિટી: સુવિધાઓ અને ક્ષમતાઓની વિશાળ શ્રેણી. કિંમત-અસરકારકતા : ફિલ્મ અથવા પ્રોસેસિંગ ખર્ચની જરૂર નથી. ઈમેજ એડિટિંગ : સૉફ્ટવેરનો ઉપયોગ કરીને છબીઓને સરળતાથી સંપાદિત કરો અને વિસ્તૃત કરો. વિશ્વના સૌથી મોટા કેમેરા વિષે હવે આપણે મહત્વપૂર્ણ વિગત જાણીએ.

આ નવો ૩,૨૦૦ મેગાપિક્સેલ કેમેરો શા માટે આટલો મહત્વપૂર્ણ છે એ સમજવા જેવી રસપ્રદ વસ્તુ છે.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અભૂતપૂર્વ વિગત: રિઝોલ્યુશનના આ સ્તર સાથે, કેમેરો અદ્‌ભુત સ્પષ્ટતા સાથે દક્ષિણ ગોળાર્ધની છબીઓ કેપ્ચર કરશે. આનાથી ખગોળશાસ્ત્રીઓ અવકાશી પદાર્થોનું પહેલા કરતાં વધુ વિગતવાર અવલોકન કરી શકશે. સમગ્ર દક્ષિણી ગોળાર્ધનું મેપિંગ આ કેમેરાનું વિશાળ દૃશ્ય ક્ષેત્ર છે તે સમગ્ર દક્ષિણ ગોળાર્ધના નકશા બનાવવામાં સક્ષમ કરશે, જે બ્રહ્માંડનું વ્યાપક અને વિગતવાર દૃશ્ય પ્રદાન કરશે.આગામી અવકાશ સંશોધનમાં તે મહત્વપૂર્ણ ભાગ ભજવશે. વૈજ્ઞાનિક પ્રગતિઓ : આ અદ્યતન તકનીક ખગોળશાસ્ત્રના વિવિધ ક્ષેત્રોમાં નવી શોધો તરફ દોરી જશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: ડાર્ક મેટર અને ડાર્ક એનર્જી: તારાવિશ્વોના વિતરણ અને સમય જતાં તેઓ કેવી રીતે વિકસિત થાય છે તેનો અભ્યાસ કરવાથી આ રહસ્યમય દળોની આંતરદૃષ્ટિ મળી શકે છે. સુપરનોવા: આ તારાઓના વિસ્ફોટોને વધુ વિગતવાર અવલોકન કરવાથી આપણને તેમની પદ્ધતિઓ અને બ્રહ્માંડમાં તેમની ભૂમિકા સમજવામાં મદદ મળી શકે છે. આકાશગંગા ગેલેક્સી: કેમેરા આપણી પોતાની ગેલેક્સીના વધુ વિગતવાર અવલોકનો માટે પરવાનગી આપશે, જેમાં તેની રચના, તારાની રચના અને તેની અંદર શ્યામ પદાર્થનું વિતરણ સામેલ છે. આ કેમેરાને ચિલીમાં AURA ઓબ્ઝર્વેટરીમાં રાખવામાં આવશે, ખાસ કરીને એલ્કી વેલીમાં, જે તેની ઉત્તમ ખગોળશાસ્ત્રીય અવલોકન પરિસ્થિતિઓ માટે જાણીતી છે. આ નવો કેમેરો એસ્ટ્રોનોમિકલ ટેક્નૉલૉજીમાં નોંધપાત્ર પ્રગતિ કરવામાં માની ન શકાય તેવું પ્રદાન કરશે એમ માનવામાં આવે છે. અને બ્રહ્માંડ વિશેની આપણી સમજમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે.

નવો ૩,૨૦૦ મેગાપિક્સલનો ડિજિટલ કેમેરા સેટ વિષે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરવા ગુગલ સર્ચ કરવાથી અનોખી માહિતી આપણને પ્રાપ્ત થશે. નવો ૩,૨૦૦ મેગાપિક્સલનો ડિજિટલ કેમેરો વિજ્ઞાન જગતનું એક ક્રાંતિકારી પગલું છે. આપણે કલ્પના કરી શકીએ તે કરતાં વધુ સ્પષ્ટ અને વિગતવાર છબીઓ કેપ્ચર કરવાની ક્ષમતા ધરાવતો, ૩૨૦૦ મેગાપિક્સલનો નવો ડિજિટલ કેમેરો ખરેખર અનોખો છે. આ કેમેરો ખગોળશાસ્ત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં ક્રાંતિ લાવવાની શક્તિ ધરાવે છે. કેમેરાની મુખ્ય વિશેષતાઓ : અતિ ઉચ્ચ રિઝોલ્યુશન: ૩૨૦૦ મેગાપિક્સલનું રિઝોલ્યુશન એટલે કે અત્યંત વિગતવાર અને સ્પષ્ટ છબીઓ. આનો અર્થ એ છે કે આપણે દૂરના તારાઓ અને ગેલેક્સીઓને પણ અત્યંત નજીકથી જોઈ શકીશું. વિશાળ ક્ષેત્ર: આ કેમેરો એક સાથે આકાશના વિશાળ ભાગને કેપ્ચર કરી શકે છે. આનાથી ખગોળશાસ્ત્રીઓને આકાશગંગા અને અન્ય આકાશી પદાર્થોનું વિશાળ સર્વેક્ષણ કરવામાં મદદ મળશે. અંધારામાં પણ ઉત્તમ કામગીરી: આ કેમેરો અંધારામાં પણ ઉત્તમ કામગીરી કરે છે, જેનાથી ખગોળશાસ્ત્રીઓ રાત્રિના આકાશનો અભ્યાસ કરવા માટે વધુ સારી રીતે સજ્જ થઈ શકે છે. કેમેરાના ઉપયોગો: ખગોળશાસ્ત્ર: આ કેમેરાનો ઉપયોગ દૂરના તારાઓ, ગેલેક્સીઓ અને અન્ય આકાશી પદાર્થોનો અભ્યાસ કરવા માટે કરવામાં આવશે. વૈજ્ઞાનિક સંશોધન: આ કેમેરાનો ઉપયોગ વિવિધ વૈજ્ઞાનિક સંશોધનોમાં પણ કરવામાં આવશે, જેમ કે હવામાનશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્ર. અન્ય ક્ષેત્રો: આ કેમેરાનો ઉપયોગ ઉપગ્રહ ચિત્રો, સર્વેક્ષણ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં પણ કરવામાં આવી શકે છે. ભવિષ્ય માટેના સંભવિત ફાયદા : આ કેમેરાની મદદથી આપણે અવકાશ વિશે ઘણી નવી માહિતી મેળવી શકીશું. આપણે નવા ગ્રહો, તારાઓ અને ગેલેક્સીઓ શોધી શકીશું. આપણે અવકાશમાં થતી વિવિધ ઘટનાઓને વધુ સારી રીતે સમજી શકીશું. આ કેમેરાની મદદથી આપણે અવકાશ વિશેના આપણા જ્ઞાનમાં વધારો કરી શકીશું. સરવાળે, ૩૨૦૦ મેગાપિક્સલનો નવો ડિજિટલ કેમેરો એ ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાનના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ કેમેરાની મદદથી આપણે અવકાશ વિશે ઘણી નવી અને રોમાંચક માહિતી મેળવી શકીશું.

**વૈશ્વિક ખગોળશાસ્ત્રનો ચહેરો બદલવા માટે નવો ૩,૨૦૦-મેગા પિક્સલનો ડિજિટલ કેમેરો ચિલીમાં AURA ઓબ્ઝર્વેટરીમાં રાખવામાં આવશે. તે સમગ્ર દક્ષિણ ગોળાર્ધનો અભૂતપૂર્વ વિગતવાર નકશો બનાવશે. ડીડબ્લ્યુએ સેન્ટિયાગોની ઉત્તરે એલ્કી વેલીમાં આ વિશ્વનો સૌથી મોટો ડિજિટલ કેમેરો આશ્ચર્યજનક કામ કરશે. ૨૦૨૫ ના પ્રારંભે આ એક એવી નવી શરૂઆત છે જે વિશ્વનો અને અવકાશ વિજ્ઞાનનો નકશો બદલી નાખવા સક્ષમ છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૬૦૩ | ૬૭૧ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૯૦૦ |
| જુવાર લાલ | ૯૨૫ | ૧૦૦૦ |
| બાજરી | ૩૭૮ | ૪૯૧ |
| તુવેર | ૧૩૪૦ | ૧૮૩૫ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૨૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મગ | ૧૩૫૦ | ૧૯૨૪ |
| વાલ દેશી | ૧૪૬૫ | ૧૬૩૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૩૧૩ |
| મઠ | ૯૧૦ | ૧૩૨૩ |
| કળથી | ૮૫૦ | ૯૭૫ |
| મગફળી જાડી | ૯૧૫ | ૧૧૪૪ |
| મગફળી જીણી | ૯૩૫ | ૧૨૬૦ |
| તલી | ૨૦૦૦ | ૨૪૦૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૮ |
| અજમો | ૧૫૦૦ | ૧૭૯૯ |
| સુવા | ૯૯૯ | ૧૧૯૯ |
| સોયાબીન | ૭૯૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૨૮૫ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૯૦૦ |
| લસણ | ૧૫૦૧ | ૩૧૫૦ |
| ધાણા | ૯૨૦ | ૧૫૬૧ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૪૫૫ |
| ધાણી | ૧૧૨૦ | ૧૫૭૫ |
| વરીયાળી | ૧૧૮૦ | ૧૫૦૫ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૪૭૫ |
| રાય | ૧૦૫૦ | ૧૩૧૧ |
| મેથી | ૯૩૦ | ૧૨૧૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૧ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૦૦ |
| બટેટા | ૨૫૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૫૧૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૧૫૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૮૦ | ૨૦૦ |
| કોબીજ | ૩૦ | ૫૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૨૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૬૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૪૫૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૫૦ |
| કારેલા | ૪૫૦ | ૬૪૦ |
| સરગવો | ૭૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૮૫૦ | ૧૨૨૦ |
| ગાજર | ૨૧૦ | ૩૨૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| તુવેરસીંગ | ૫૦૦ | ૬૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૪૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૨૫૦ | ૫૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ગિરનારી શીંગ | ૧૦૬૨ | ૧૨૦૬ |
| શિંગ મોટી | ૮૦૫ | ૧૧૭૫ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૧૨૫૫ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૪૪૪ |
| તલ કાશ્મીરી | ૨૮૫૦ | ૨૯૯૫ |
| બાજરો | ૫૯૦ | ૬૪૧ |
| જુવાર | ૪૬૩ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૫૯ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૬૪૩ |
| અડદ | ૯૫૦ | ૧૪૭૦ |
| ચણા | ૮૮૧ | ૧૨૯૬ |
| તુવેર | ૧૦૫૮ | ૧૬૭૫ |
| કપાસ | ૭૮૦ | ૧૫૩૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૧૯૬ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૨૩ |
| સોયાબીન | ૫૯૯ | ૮૩૦ |
| મરચા લાંબા | ૪૬૦ | ૩૦૧૦ |
| રજકાનુંબી | ૪૨૪૦ | ૪૨૪૦ |
| મેથી | ૧૦૨૮ | ૧૦૪૦ |
| મગ | ૭૦૦ | ૧૭૭૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૨૦ |
| રીંગણાં | ૧૬૦ | ૨૮૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૨૦ |
| કોબીજ | ૯૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દૂધી | ૮૦ | ૩૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૧૦ | ૨૦૦ |
| કાકડી | ૩૨૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૫૮૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૨૦ |
| તુવેર | ૫૦૦ | ૭૫૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૯૪૦ |
| આદુ | ૭૦૦ | ૮૨૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૨૦ |


| | | |
|---|---|---|
| ફુદીનો | ૬૪૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૮૦ |
| બીટ | ૨૨૦ | ૪૩૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૨૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૨૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૪૪૦ |
| લસણ લીલુ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૧૯૦ | ૨૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૭૧ | ૧૫૧૮ |
| ઘઉં લોકવન | ૫૮૧ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૦ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૧૨૬ |
| સિંગદાણા જાડા | ૮૫૧ | ૧૨૬૬ |
| સિંગ ફાડીયા | ૧૦૧૧ | ૧૨૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૬૬૧ |
| વરીયાળી | ૧૧૪૧ | ૧૧૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૫૧ |
| લસણ સુકું | ૧૭૦૧ | ૩૯૫૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૨૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૫૧ |
| મઠ | ૮૨૧ | ૮૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૭૧ |
| મેથી | ૭૫૧ | ૧૧૧૧ |
| કાંગ | ૧૧૧૧ | ૧૧૫૧ |
| મરચા | ૫૦૧ | ૩૪૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૨૨૬ |
| નવું લસણ | ૩૦૦૧ | ૩૫૧૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૬૦૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૮૫૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૪૦૬ |
| બાજરો | ૪૩૧ | ૫૯૧ |
| જુવાર | ૩૦૦ | ૯૦૧ |
| મકાઇ | ૪૯૧ | ૪૯૧ |
| મગ | ૧૧૨૧ | ૧૭૬૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| વાલ | ૪૦૧ | ૧૬૫૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૬ |
| કળથી | ૫૦૦ | ૫૦૦ |
| ગોગળી | ૬૫૧ | ૯૬૬ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૫૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૬૦ | ૧૧૦ |
| દુધી | ૧૧૦ | ૨૧૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૪૦ | ૧૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૬૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| લીમડો પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૮ | ૧૫ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૮ | ૧૦ |
| ફોદીનો પુરા | ૬ | ૧૦ |
| શેરડી | ૧૦૦ | ૧૫૦ |
| કાચા કેળા | ૫૦૦ | ૬૦૦ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૮ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૪૦૦ | ૭૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| વાલોર | ૧૦૦ | ૨૪૦ |
| કાચા પોપૈયા | ૨૪૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૫૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩૦ | ૪૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |
| ફળ | નીચો | ઉંચો |
| જામફળ | ૫૦૦ | ૧૦૦૦ |
| દાડમ | ૫૦૦ | ૨૪૦૦ |
| સફરજન | ૧૪૦૦ | ૩૬૦૦ |
| ચીકુ | ૨૦૦ | ૭૦૦ |
| પોપૈયા | ૩૦૦ | ૫૦૦ |
| સીતાફળ | ૪૦૦ | ૧૦૦૦ |
| કેળા | ૪૦૦ | ૫૦૦ |
| સંતરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તરબૂચ | ૬૦ | ૧૪૦ |
| સ્ટ્રોબેરી | ૧૮૦૦ | ૨૨૫૦ |
| માલટા | ૩૦૦ | ૮૦૦ |
| કમલમ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મોસંબી | ૫૦૦ | ૧૦૦૦ |
| ટેટી | ૪૦૦ | ૬૦૦ |
| બોર | ૪૦૦ | ૨૦૦૦ |
| દ્રાક્ષ | ૫૦૦ | ૧૮૦૦ |
| કીવી | ૪૮૦૦ | ૬૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૩૦ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૦૫૭ | ૧૧૩૩ |
| મગફળી બીટી | ૯૩૯ | ૧૦૭૧ |
| અડદ | ૧૧૬૦ | ૧૨૯૦ |
| ઘઉં | ૫૪૩ | ૬૧૭ |
| જીરૂ | ૩૯૯૫ | ૪૩૨૫ |
| ચણા | ૧૦૫૬ | ૧૧૯૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૫૭૮ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૨૫ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| મગફળી | ૬૦૦ | ૯૬૧ |
| ચણા | ૧૧૧૫ | ૧૨૧૦ |
| તલસફેદ | ૧૫૩૫ | ૨૨૪૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૫૦ |
| અડદ | ૯૩૦ | ૧૨૧૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રજકા બી | ૪૬૦૦ | ૪૬૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૬ |
| મગફળી | ૭૬૫ | ૧૦૦૦ |
| ઘઉં | ૫૭૮ | ૬૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ધણા | ૧૧૫૦ | ૧૪૨૦ |
| અડદ | ૧૦૦૬ | ૧૧૭૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| રાઈ | ૯૦૫ | ૯૦૫ |
| સોયાબીન | ૬૩૩૫ | ૮૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૭૫ | ૧૫૧૧ |
| મગફળી | ૯૪૦ | ૧૧૫૪ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| અડદ | ૧૧૩૭ | ૧૧૩૭ |
| ઘઉં | ૫૪૦ | ૫૪૦ |
| મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| મઠ | ૮૦૦ | ૮૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૦ |
| જુવાર | ૭૦૦ | ૭૪૫ |
| બાજરો | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૯૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૨૭૫ |
| મગફળી જાડી | ૮૩૫ | ૧૦૭૫ |
| તલ | ૧૬૦૦ | ૨૩૦૦ |
| લસણ | ૨૦૦૦ | ૪૬૦૦ |
| જીરૂ | ૪,૦૫૦ | ૪,૪૮૦ |
| અજમો | ૨૦૦૦ | ૪૯૪૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૫૫૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૫૦૦ |
| મરચા સૂકા | ૫૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૧૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૨૫ | ૧૨૬૮ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૮૨ |
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૧૪૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૦ | ૧૧૫૯ |
| જુવાર | ૪૪૦ | ૯૦૦ |
| મગદેશી | ૧૭૫૨ | ૨૧૫૨ |
| ઘઉં ટુકડા | ૫૬૨ | ૭૧૧ |
| અડદ | ૭૬૫ | ૧૫૫૮ |
| બાજરી | ૫૮૦ | ૬૨૮ |
| સોયાબીન | ૭૬૧ | ૮૨૦ |
| ચણા | ૧૧૦૧ | ૧૪૬૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૬૦ |

| | | |
|---|---|---|
| ડુંગળી સફેદ | ૨૦૯ | ૫૩૯ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૪૫૦ |
| તલ પુરબીયા | ૩૧૩૨ | ૩૧૮૬ |
| નાળીયેર | ૪૯૭ | ૨૬૮૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૨૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૧ |
| શીંગફાડા | ૮૫૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૮૬ |
| મેથી | ૮૦૦ | ૯૦૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૫૦ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૩૨૩૧ | ૨૪૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| બાજરો | ૪૦૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૬૮૦ |
| જુવાર | ૬૧૧ | ૯૫૦ |
| મગ | ૨૪૪૦ | ૨૪૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| સોયાબીન | ૭૮૦ | ૮૨૦ |
| વરીયાળી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| રાય | ૧૦૦૦ | ૧૩૫૧ |
| તલ પીળા | ૨૮૦૧ | ૩૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૧૩૬ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૮૨ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૭ |
| જીરૂ | ૪૧૭૨ | ૪૩૬૦ |
| ઘઉ લોકવન | ૫૦૦ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૧ |
| બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| જુવાર | ૫૧૧ | ૮૪૯ |
| મગ | --- | ૧૯૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૨૭ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૨૬ |
| એંરડી | ૭૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |
| મઠ | ૮૦૦ | ૯૪૩ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૬ | ૧૫૧૧ |
| તલ | ૬૮૫ | ૬૮૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૭૦ | ૧૧૪૪ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૬૯ |
| બાજરી હાઈ. | ૪૫૦ | ૬૨૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૫૮ |
| જુવાર | ૭૦૦ | ૮૬૨ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૯૪ |
| ચણા | ૧૦૪૦ | ૧૨૨૬ |
| જા.તલ | ૨૫૦૦ | ૩૧૯૦ |
| કાળાતલ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૨ |
| કપાસ(ડોળાસા) | ૧૩૭૦ | ૧૪૮૦ |

## શબ્દ સંજોગ-૧૯૩૦



**આડી ચાવી :**
(૧) ....નરકનું રૂપ છે (૪)
(૩) સંયમનો અભાવ (૪)
(૬) પ્યાર, મોહબ્બત (૨)
(૭) તાકો (૨)
(૮) યુનાન દેશનો રહેવાસી (આ-અ) (૩)
(૧૦) એક જંગલી પ્રાણી (૩)
(૧૨) સોળે સાન અને વીસે.... (૨)
(૧૩) આધાર, ભરોસો (૩)
(૧૫) પરોઢિયું (૨)
(૧૬) જન્મ આપવો તે (૩)
(૧૭) મોતીનું એક તોલ (૨)
(૧૮) પતંગના જામે (૨)
(૧૯) પતિ, સ્વામી (૨)
(૨૧) નાનો તવો (૨)
(૨૩) નૃત્ય (૨)
(૨૪) બીક, ધ્રુજારી (૩)
(૨૬) ઉત્પન્ન કરવુ તે (૩)
(૨૮) ધુમાડિયુ (૪)
(૨૯) માળ, મેડો (૩)

**ઉભી ચાવી :**
(૧) ચોરી ન કરવી તે (૩)
(૨) માનવ જયારે... મટી, દાનવ બને છે, ત્યારે તે ધર્મના બદલે ધનનું સન્માન-સ્વાગત કરે છે (૩)
(૩) આખરે, ઘણુ કરીને (૩)
(૪) જે પ્રમાણે, જેવી રીતે (૨)
(૫) જરાક ફેરવાયુ (૪)
(૬) આમંત્રણ, નોતરુ (૩)
(૯) વાઢકાપ કે તે કરવાનું હથિયાર (૩)
(૧૧) એક ફરસાણ (૩)
(૧૨) અઢાર પુરાણોમાંનું એક (૪)
(૧૪) યુક્તિ-પ્રયુકિત (૪)
(૧૫) ભગવાન શંકર આ નામે પણ ઓળખાય છે (૪)
(૧૬) સહેજ, લગીર (૨)
(૨૦) બોલતા જીભ ચોંટવી તે (૩)
(૨૨) વિદ્યુત (૩)
(૨૩) નાનપ (૩)
(૨૫) હાથ, ટેકસ (૨)
(૨૭) એક હથિયાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૯ જવાબ

**આડી ચાવી:** (૨) ફકરો (૫) રઈસ (૭) મુદ્રણાલય (૯) વળ (૧૦) શ્વાસ (૧૨) પામર (૧૪) બબૂચક (૧૬) દવ (૧૮) મન (૨૧) ગીધ (૨૨) પરિવાર (૨૪) મરામત (૨૫) લક (૨૬) તગડા (૨૭) મર્મ. **ઉભી ચાવી:** (૧) અમુક (૨) ફણા (૩) કલહ (૪) રોય (૫) રફુ (૬) સફળતા (૮) કૂમક (૧૧) સબ (૧૨) પાચન (૧૩) જીંદગીઓ (૧૫) બૂમબરાડા (૧૭) વધ (૧૯) વારિ (૨૦) ક્ષૌરકર્મ (૨૨) પતન (૨૩) વાલમ (૨૪) મગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લીલીયા તાલુકા પંચાયતમાં D.D.Oની ઉપસ્થિતિમાં ગટર પ્રશ્ન અંગે બેઠક યોજાઇ

લીલીયા,૦૬



લીલીયામાં ગટરના ગંભીર પ્રશ્ન અંગે લીલીયા તાલુકા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી સાથે કોન્ટ્રાક્ટરની બેઠક યોજાઇ હતી. જેમાં કોન્ટ્રાક્ટરને ગટરનું કામ તાત્કાલિક શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી. આ તકે કોન્ટ્રાક્ટરે ત્રણથી ચાર દિવસમાં કામ શરૂ કરવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત તાલુકા પંચાયતના સ્ટાફ સાથે વિકાસલક્ષી યોજનાની કામગીરી અંગેની સમીક્ષા થઈ હતી. આ તકે જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ વગેરે લોકો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# પાયલ ગોટીને માર મારવાના પ્રકરણમાં તપાસ માટે એસઆઈટીની રચના

અમરેલી, તા.૦૬

અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નકલી લેટર બનાવવાના આરોપમાં ધરપકડ કરાયેલ પાયલ ગોટીએ જામીન મળ્યા બાદ પ્રેસ સાથે વાતચીતમાં પોતાને ખોટી રીતે ફસાવી દીધી હોવાનું કહી ધરપકડ સમયે પોલીસ કસ્ટડીમાં માર માર્યો હોવાની રજૂઆત કરી હતી. તેમની રજૂઆતથી સમગ્ર રાજયમાં ખળભળાટ મચી ગયો હતો અને પોલીસ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. સમગ્ર ઘટનાની ગંભીરતા સમજી અમરેલી જિલ્લા પોલીસ અધિકારી સંજય ખરાતે ડીવાયએસપી એ.જી.ગોહિલની અધ્યક્ષ તરીકે તથા મહિલા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જી.ગીડા અને મહિલા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જે.બરવાડીયાની સભ્ય તરીકે નિમણૂંક કરી SITની રચના કરી છે.

## બોગસ લેટરકાંડનાં આરોપી જશવંતગઢનાં સરપંચનો ખુલાસો મંગાયો

અમરેલી તાલુકા પંચાયત પ્રમુખનાં બોગસ લેટરકાંડનાં આરોપી તરીકે સરપંચ અશોકભાઈ કનુભાઈ માંગરોળીયાને જિલ્લા વિકાસ અધિકારી-અમરેલી દ્વારા કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. જેમાં તેઓ સરપંચ તરીકે હોય અને ગુનો નોંધાતા દિન-૩માં આ નોટીસનો જવાબ આપવા જણાવાયું છે.

## લેટરકાંડમાં નવો વળાંક, ૧૬૯ની પ્રક્રિયાને કોર્ટે નામંજૂર કરી

તાલુકા પંચાયતનાં પ્રમુખના લેટરપેડનાં દુરૂપયોગ મુદ્દે ધરપકડ કરાયેલ પાયલ ગોટીનું નામ આરોપી તરીકે રદ કરવા માટે સી.આર.પી.સી. ૧૬૯ અને નવી બી.એન.એસ.એસ.૧૮૯ મુજબની પ્રક્રિયા કરાઈ હતી. આરોપીનાં એક વખત રીમાન્ડ મંજૂર કરાયા હોય અને ત્યારબાદ આ અરજી થઈ હોય તેવા ટેકનીકલ કારણોસર કોર્ટે ૧૬૯ની પ્રક્રિયાને નામંજૂર કરી છે.

# નાના લીલીયામાં અશરફ મિયાં બાપુનો ઉર્ષ મુબારક ઉજવાશે

લીલીયા,તા.૦૬

આ વર્ષે પણ નાના લીલીયામાં કોમી એકતાના પ્રતીક એવા સરકાર અશરફ મિયાં બાપુ (દાદાબાપુ) નો ઉર્ષ મુબારક ઉજવાશે. જેમાં ૭/૧/૨૦૨૫ને મંગળવારના બપોરે ૩ કલાકે મિલાદ શરીફ, સાંજે ૬ વાગ્યે ન્યાજ (ભોજન) તેમજ રાત્રે ૯ કલાકે નાત શરીફ જેમાં મુંબઈના મશહૂર નાતખ્વા વાસીફ રઝા નુરીનો નાત શરીફનું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. ઝેરે સદારત પીરે તરીકત અલ્હાઝ સૈયદ અહેમદ અલી બાપુની નીગેહબાની હેઠળ ઉર્ષનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે પીરે તરીકત સૈયદ અમાનત અલી બાપુ સૈયદ હાજી કૌશર અલી બાપુ ચિશ્તી પાલીતાણા વાળા હાજરી આપશે તેવું સૈયદ આદીલબાપુની યાદીમાં જણાવ્યું છે.

# જાફરાબાદ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે કુલદીપ વરૂની નિમણૂક થતા સન્માન કરાયું

જાફરાબાદ, તા.૦૬


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ તાલુકાના ટીંબી નજીક શીતળા માતાજીના મંદિરે જાફરાબાદ તાલુકા ભાજપના સ્નેહમિલનના કાર્યક્રમ અને અભિવાદન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જાફરાબાદ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે કુલદીપ વરૂની નિમણૂક થતા સન્માન કરાયું હતું.રાજુલા-જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, સીતારામબાપુ, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ દિનેશદાદા, તાલુકા પંચાયતના પ્રમુખ બાલુભાઈ કોટડીયા, કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ નાજભાઈ બાંભણીયા, પૂર્વ ચેરમેન ભીમભાઈ વરૂ, તાલુકા પંચાયતના સદસ્યો, તાલુકા ભાજપના હોદ્દેદારો, આસપાસ ગામના સરપંચો તથા સૌ કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબાપુરમાં બુધવારે બાળરોગ નિદાન કેમ્પનું આયોજન

## ગુજરાતના જાણીતા બાળરોગ નિષ્ણાત ઉપસ્થિત રહેશે

બાબાપુર,તા.૦૬

બાબાપુરના શ્રી સર્વોદય સરસ્વતી મંદિર અને શ્રી વી. ડી. ઘેલાણી મહિલા કૉલેજ, સાવરકુંડલાના N.S.S. યુનિટ દ્વારા તા. ૮/૦૧/૨૦૨૫ ને બુધવારના રોજ ગુજરાતના જાણીતા બાળરોગ નિષ્ણાત આઈ.કે. વીજળીવાળાની ઉપસ્થિતિમાં 'બાળરોગ નિદાન કેમ્પ' યોજાશે. આ કેમ્પમાં બાળકોની વિવિધ તકલીફો માટે માર્ગદર્શનનો લાભ લેવા જણાવવામાં આવે છે. આ કેમ્પ બાબાપુરના શ્રી સર્વોદય આશ્રમ ખાતે સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ દરમિયાન યોજાશે. બાળકની જો કોઈ સારવાર ચાલતી હોય તો તેના રિપોર્ટ, દવા વગેરે સાથે લઈ જવા જણાવેલ છે.

# અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા મંડળમાં નવા હોદ્દેદારોની વરણી

અમરેલી,તા.૦૬



અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની કારોબારી સભા નિત્યમ વિદ્યા સંકુલ ખાતે કાળુભાઈ ગેલાણીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જિલ્લાના તમામ તાલુકાના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સભામાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. સભામાં રાજ્યની કારોબારીમાં થયેલી ચર્ચા, FRC અને અપાર ID રજિસ્ટ્રેશન સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ હોદ્દેદારોની મુદત પૂર્ણ થતાં નવી નિમણૂકો માટે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. યુવા કેળવણીકાર અને પૂર્વ પ્રમુખ હસમુખભાઈ પટેલને પુનઃ પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા હતા. અન્ય મહત્વના હોદ્દા પર કાળુભાઈ ગેલાણીને અધ્યક્ષ, રાજુભાઈ ધાનાણીને મહામંત્રી તથા કમલેશભાઈ હડિયા અને હરેશભાઈ દેસાઈને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખજાનચી તરીકે પરેશભાઈ બોઘરા, સલાહકાર મંત્રી તરીકે વિજયભાઈ મહેતા અને મેહુલભાઈ પાઠક તેમજ સંકલન મંત્રી તરીકે પાર્થિવભાઈ જોષીની નિમણૂક કરવામાં આવી હતી.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનની નવા લસણની પ્રથમ આવક નોંધાઈ

ગોંડલ,તા.૦૬



સૌરાષ્ટ્રનું અગ્રીમ ગોંડલ માર્કેટિંગ યાર્ડ સિઝન પ્રમાણે વિવિધ જણસીની આવકથી ઉભરાતું હોય છે. આજે આ યાર્ડમાં ૧૫ કટ્ટા નવા લસણની આવક થઈ હતી. જ્યારે રેગ્યુલર લસણના ૫ હજાર કટ્ટાની આવક થઈ હતી. ત્રણ ખેડૂતો દ્વારા ૧૫ કટ્ટાની આવક થઈ હતી. જેમાં પ્રથમ કેશોદ તાલુકાના પ્રાસલી ગામના ખેડૂત દિલીપભાઈ નારણભાઈ વાઢીયા ગીર એન્ટરપ્રાઈઝ મારફત ૪ કટ્ટા નવું લસણ લઈને યાર્ડમાં આવ્યા હતા. તેની પૂજાવિધિ કરીને હરાજી શરૂ થઈ હતી. યાર્ડમાં પેઢી ધરાવતા સ્વસ્તિક ટ્રેડિંગના વિનુભાઈ સખીયાએ નવા લસણની હરાજીમાં મુહૂર્તમાં ઉંચો ભાવ રૂ. ૩૫૧૧ બોલી ખરીદી કરી હતી. ત્યારબાદ લોકોએ પ્રથમ ખેડૂત અને વેપારીને ફુલહાર કરી મોં મીઠા કરાવ્યા હતા. જ્યારે રેગ્યુલર લસણનો ભાવ રૂ. ૨૫૦૦થી ૩૫૦૦ સુધીનો બોલાયો હતો. ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં લસણ માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડ સૌથી મોટું છે.

## અવસાન નોંધ

**આંબા**

ચંદુભાઈ મણિશંકર દવે (ઉ. વ.૭૩). તે દીનુભાઇના નાના ભાઇ તેમજ મયુરભાઇના પિતાશ્રી, રૂપલબેન સંદીપભાઈ દવે કુંકાવાવના પપ્પા, તેમજ કનૈયાલાલ પોપટલાલ દવેના બનેવી(રફાળીયા) તેમજ લીલીબેન મહેતા, ચંપાબેન મહેતા, સ્વ. શારદાબેન દવે, ભાનુબેન પાઠકના નાના ભાઈ તેમજ શોભનાબેન સંજયભાઈ મહેતા (ભાવનગર), સોનલબેન સંદીપભાઈ દવે(રાજકોટ) ના કાકા તેમજ મિતના દાદાનું ૫/૧/૨૦૨૫ ના દુઃખદ અવસાન થયુ છે. સદગતનું બેસણું તા. ૯-૧-૨૦૨૫ ગુરૂવારના રોજ આખો દિવસ આંબા મુકામે રાખેલ છે.

# બાબરા સ્વામિનારાયણ મંદિરે ભવ્ય શાકોત્સવની ઉજવણી

બાબરા,તા.૦૬



બાબરા સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિસંભવદાસજી સ્વામીની પ્રેરણાથી અને ધર્મવલ્લભદાસજી સ્વામીના આયોજન હેઠળ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બાળ કલાકાર સિદ્ધરાજ સિંધવના હાસ્ય કાર્યક્રમથી થઈ હતી. આ પ્રસંગે અમરેલીથી ભક્તિસંભવ સ્વામી, શુક સ્વામી અને હરિસ્વરૂપ સ્વામી સહિત ધંધુકાથી ઘનશ્યામ સ્વામી અને જયપ્રકાશ સ્વામી પધાર્યા હતા. સમારોહમાં બાબરાના અગ્રણી નાગરિકો જેવા કે ગોરધનભાઈ વૈદ્ય, સુનિલભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અમરેલીથી ૪૫૦થી વધુ ભક્તો સાથે પીઠવડી, નાની કુંકાવાવ, જીવાપર, પાનસડા સહિત વિવિધ વિસ્તારોમાંથી ભક્તો જોડાયા હતા. કુલ ૩૫૦૦થી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. શિવમ સ્ટુડિયો અમરેલી અને અનેક યજમાનોના આર્થિક સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

---

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/ કેસ નં.૦૫/૨૦૨૫ — તા.૦૨/૦૧/૨૦૨૫

શ્રી ગીતાબેન અજીતભાઈ ભાયાણી (W/O) નિલેશકુમાર હીરજીભાઈ ઝાલાવાડીયા
રહે. કાલસારી, તા.વિસાવદર
હાલ ફાટસર, તા. ગીર ગઢડા, જી.ગીર સોમનાથ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - કાલસારી, તા. વિસાવદર .......સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ગીતાબેન અજીતભાઈ ભાયાણી (W/O) : નિલેશકુમાર હીરજીભાઈ ઝાલાવાડીયા રહે. કાલસારી તા. વિસાવદર, હાલ ફાટસર, તા. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ એ તેમનો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૦ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- કાલસારી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી-કાલસારી, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૨મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

---

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૫૯/૨૦૨૫

**પ્રતિ**
શ્રી રાહુલભાઈ પ્રહલાદભાઈ જાની
રે.ડોળાસા, તાલુકો- કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..અરજદાર
વકીલશ્રી,એમ.એમ.કાતિરા રહે. મું.કોડીનાર તા.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

### -જાહેર નોટીસ-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી રાહુલભાઈ પ્રહલાદભાઈ જાનીના માતાશ્રી હંસાબેન પ્રહલાદભાઈ જાનીનું મરણ તા. ૦૩/૦૮/૨૦૦૩ ના રોજ ડોળાસા ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને.૨૦૦૩ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં. જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૬૨/૨૦૨૫ — તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. રાઠોડ કમળાબેન વીહાભાઈ
રહે. આંબરડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી આંબરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી દયાબેન વીહાભાઈ રાઠોડનો જન્મ તા.૦૧/૦૨/૧૯૮૦ ના રોજ મુ. આંબરડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

---

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી નં.૧૧૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિદુરભાઈ પદુભાઈ ચુડાસમા
રહે. વલાદર, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ .....અરજદાર

વકીલશ્રી જે.જી.સોસા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
વલાદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ **શ્રી વિદુરભાઈ પદુભાઈ ચુડાસમા તથા શ્રી ગજરાબેન વિદુરભાઈ ચુડાસમાનો પુત્ર શ્રી રૂષિકભાઈ વિદુરભાઈ ચુડાસમાનો** જન્મ તા.૧૮/૦૫/૨૦૦૮ માં કોડીનાર તાલુકાના વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વલાદર ગામના સને. ૨૦૦૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૫૯/૨૦૨૫ — તા.૦૪/૦૧/૨૦૨૫

**અરજદારશ્રી:** ૧. પટેલ ડાયાભાઈ કાનજીભાઈ
રહે. હિપાવડલી તા. સાવરકુંડલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી હિપાવડલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટસી આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર પટેલ રાજેશભાઈ ડાયાભાઈનો જન્મ તા.૧૮/૦૯/૧૯૭૮ ના રોજ મુ.હિપાવડલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદત વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા:૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

---

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ નં.૫૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી માધવસિંહ લાલબહાદુર ઠાડોર
રે. બાયપાસ શેરડી સંશોધનની બાજુમા, મું.કોડીનાર .....અરજદાર

વકીલશ્રી જે.જી.સોસા રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/વિસ્તારના રહીશ શ્રી માધવસિંહ લાલબહાદુર ઠાડોરના પિતાશ્રી લાલબહાદુર લોકબહાદુર ઠાડોર નુ મરણ તા.૨૪/૦૮/૨૦૧૯ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને. ૨૦૧૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# બાંગ્લાદેશે ભારતમાં ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ માટેનો તાલીમ કાર્યક્રમ રદ કર્યો

(એચ.એસ.એલ),ઢાકા,તા.૬

બાંગ્લાદેશે પોતાના તાજેતરના નિર્ણયથી ભારત સાથેની દુશ્મનાવટમાં વધુ વધારો કર્યો છે. મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારે રવિવારે ભારતમાં ૫૦ ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ માટેનો પ્રસ્તાવિત તાલીમ કાર્યક્રમ રદ કર્યો હતો, અગાઉની સૂચનાને રદ કરી હતી. આ કારણે બંને દેશો વચ્ચે તણાવ વધવાનું નિશ્ચિત છે. બાંગ્લાદેશના કાયદા મંત્રાલયના પ્રવક્તાએ વિસ્તૃત માહિતી આપ્યા વિના અધિસૂચના રદ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.



અખબાર 'ડેઈલી સ્ટાર'ના સમાચાર અનુસાર, આ નિર્ણય બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને લેવામાં આવ્યો છે. રાજ્ય સંચાલિત બાંગ્લાદેશ સંબદ સંસ્થાએ એક દિવસ અગાઉ અહેવાલ આપ્યો હતો કે નીચલી અદાલતોના ૫૦ ન્યાયાધીશો ૧૦ ફેબ્રુઆરીથી મધ્ય પ્રદેશમાં નેશનલ જ્યુડિશિયલ એકેડેમી અને સ્ટેટ જ્યુડિશિયલ એકેડેમીમાં એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં ભાગ લેશે. કાર્યક્રમ હેઠળ પસંદ કરાયેલા તાલીમાર્થી ન્યાયાધીશોમાં જિલ્લા અને સત્ર ન્યાયાધીશો અથવા તેના સમકક્ષ અધિકારીઓ, અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશો, સંયુક્ત જિલ્લા ન્યાયાધીશો, વરિષ્ઠ મદદનીશ ન્યાયાધીશો અને મદદનીશ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

# જો બાઈડેને ભારત સરકારને અસ્થિર કરવાના પ્રયાસોમાં સામેલ લોકોને મેડલ આપતા વિવાદ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૬

અમેરિકાના આઉટગોઈંગ પ્રેસિડેન્ટ જો બાઈડેને શનિવારે ભૂતપૂર્વ વિદેશ સચિવ હિલેરી ક્લિન્ટન સહિત તેમના દેશની ૧૪ વ્યક્તિઓને રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત કર્યા. આમાં વિવાદાસ્પદ રોકાણકાર જ્યોર્જ સોરોસનું નામ પણ સામેલ છે. જ્યોર્જ સોરોસ વિવિધ દેશોની સરકારોને અસ્થિર કરવા માટે પણ જાણીતા છે. તેમના પર



ભારત સરકારને અસ્થિર કરવા માટે કોંગ્રેસ અને વિપક્ષ સાથે મળીને કથિત રીતે કાવતરું ઘડવાનો પણ આરોપ છે. આ મુદ્દાને લઈને ભારતીય સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચે ઘણી વખત ઉગ્ર ચર્ચાઓ અને હોબાળો થયો છે. પરંતુ હવે રાષ્ટ્રપતિ જો બાઈડેને તેમના દેશનો સર્વોચ્ચ એવોર્ડ જ્યોર્જ સોરોસને આપ્યો છે. આ સિવાય વોગ એડિટર-ઈન-ચીફ અન્ના વિંટૂર, વૈજ્ઞાનિક બિલ નયે અને અભિનેતા ડેન્ઝેલ વોશિંગ્ટન સહિત ૧૪ લોકો એ સેલિબ્રિટીમાં સામેલ છે જેમને રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો છે. આ તમામને શનિવારે દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ'થી નવાજવામાં આવ્યા હતા.

# કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો ટૂંક સમયમાં રાજીનામું આપે તેવી શક્યતા

(એચ.એસ.એલ),ઓટાવા,તા.૬

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો ટૂંક સમયમાં લિબરલ પાર્ટીના નેતા પદ પરથી રાજીનામું આપી શકે છે. કેનેડિયન અખબાર ધ ગ્લોબ એન્ડ મેલે રવિવારે પોતાના અહેવાલમાં આવો દાવો કર્યો છે. અહેવાલો અનુસાર, જસ્ટિન ટ્રૂડો આગામી એક-બે દિવસમાં પદ છોડી શકે છે. હકીકતમાં, ટ્રૂડોની લોકપ્રિયતામાં તાજેતરના સમયમાં ભારે ઘટાડો થયો છે અને તેઓ પક્ષની અંદર પણ વિરોધનો સામનો કરી રહ્યા છે. વિવિધ સર્વેક્ષણોમાં દાવો કરવામાં આવ્યો છે કે પિયર પોઈલીવરેની આગેવાની હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી આગામી ચૂંટણીમાં સત્તામાં આવી શકે છે. મીડિયા અહેવાલો અનુસાર, ટ્રૂડો ક્યારે રાજીનામું આપશે તે હજી નક્કી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે બુધવારે યોજાનારી રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલા ટ્રૂડો પોતાનું પદ છોડી શકે છે. જસ્ટિન ટ્રૂડોને સત્તાધારી લિબરલ પાર્ટીના નેતા પદ પરથી હટાવવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા જમ્મુ રેલવે ડિવિઝનનું વીડિયો કોન્ફરન્સિંગથી કર્યું ઉદ્ઘાટન

નવીદિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવા રચાયેલા જમ્મુ રેલવે ડિવિઝનનું ઉદ્ઘાટન કર્યું હતું. વડાપ્રધાને તેલંગાણામાં ચારલાપલ્લી નવા ટર્મિનલ સ્ટેશનનું પણ ઉદ્ઘાટન કર્યું અને પૂર્વ તટ રેલવેના રાયગઢ રેલવે ડિવિઝન બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો. નવા જમ્મુ રેલ્વે વિભાગ હેઠળ આવતા




રેલ્વે વિભાગોની કુલ લંબાઈ ૭૪૨.૧ કિલોમીટર છે. નવા રેલવે ડિવિઝનના ઉદ્ઘાટન પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, "ગુરુ ગોવિંદ સિંહનો પ્રકાશ ઉત્સવ, તેમના વિચારો આપણને સમૃદ્ધ અને મજબૂત ભારત બનાવવા માટે પ્રેરણા આપે છે. હું દરેકને ગુરુ ગોવિંદ સિંહના પ્રકાશ ઉત્સવની શુભેચ્છા પાઠવું છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ભારત વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી જ કનેક્ટિવિટીની ઝડપી ગતિ જાળવી રહ્યું છે. ગઈ કાલે મને દિલ્હી-NCRમાં 'નમો ભારત' ટ્રેનનો અદ્ભુત અનુભવ થયો અને દિલ્હી મેટ્રોના મહત્વના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું. ગઈકાલે ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી હતી.

# દિલ્હીમાં અંતિમ મતદાર યાદી જાહેર, એક કરોડ ૫૫ લાખથી વધુ મતદારો મતદાન કરશે


(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેને લઈને ચૂંટણી પંચે સોમવારે અંતિમ મતદાર યાદી જાહેર કરી છે. આ વખતે એક કરોડ ૫૫ લાખથી વધુ મતદારો પોતાના મતનો ઉપયોગ કરશે. ચૂંટણી પંચ અનુસાર, દિલ્હી વિધાનસભા ચૂંટણીની અંતિમ મતદાર યાદીમાં કુલ ૧,૫૫,૨૪,૮૫૮ મતદારો છે. જેમાં ૮૩ લાખ પુરૂષ અને ૭૧ લાખ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આખરી મતદાર યાદી જાહેર થયા બાદ ટૂંક સમયમાં ચૂંટણીની તારીખો જાહેર થઈ શકે છે. ચૂંટણી પંચ તરફથી ઘણી બેઠકો ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૬ થી ૧૦ જાન્યુઆરીની વચ્ચે ચૂંટણીની તારીખની જાહેરાત થઈ શકે છે. જો કે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા હજુ સુધી તારીખો અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. વિધાનસભાનો કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીનો છે.

# ભારતમાં ચાઈનીઝ વાયરસ એચએમપીવીના સમાચારથી સેન્સેક્સ ૧,૨૦૦ થી વધુ અંક ઘટ્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

શેરબજારના રોકાણકારો માટે આજનો દિવસ ખૂબ જ ખરાબ હતો. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે બજાર લીલા રંગમાં ખુલ્યા બાદ, ભારતમાં ચાઈનીઝ વાયરસ એચએમપીવીના પ્રવેશના સમાચારને કારણે ભારતીય બજારમાં ભારે વેચવાલી થઈ અને થોડી જ વારમાં રોકાણકારોએ ૧૧ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા. સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ આજે ૧.૫% થી વધુ ઘટ્યા. ખાનગી બેંકો, એફએમસીજી




શેર સહિત તમામ ક્ષેત્રોના શેરોમાં વેચવાલી જોવા મળી હતી. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોને સૌથી વધુ ફટકો પડ્યો હતો. જો કે, લાર્જ કેપ શેરો પણ આ ઘટાડાથી બચી શક્યા નથી. તમને જણાવી દઈએ કે BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ શુક્રવારે એટલે કે ૩ જાન્યુઆરીના રોજ ૪.૪૯ લાખ કરોડ રૂપિયાથી વધુ હતું. આજે વેચવાલી દબાણને કારણે તે ઘટીને રૂ. ૪.૩૮ લાખ કરોડ થયું હતું. આ રીતે રોકાણકારોએ એક જ દિવસમાં ૧૧ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે.

# શરતી જામીન લેવાની ના પાડતા પ્રશાંત કિશોરને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી

(એચ.એસ.એલ),પટણા,તા.૬

જનસુરાજ પાર્ટીના વડાએ બીપીએસસી વિદ્યાર્થીઓના મુદ્દે પીછેહઠ ન કરવાનું મન બનાવી લીધું છે. આજે સવારે ધરપકડ કરાયેલા પ્રશાંત કિશોરને બપોરે જામીન મળી ગયા હતા, પરંતુ તેણે શરતી જામીન લેવાનો ઈન્કાર કર્યો હતો. આ પછી, પીકેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડી માટે જેલમાં મોકલવામાં આવ્યો હતો. મળતી



માહિતી મુજબ, પીકેએ શરતી જામીન લેવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, 'જામીન નહીં લે અને ઉપવાસ પણ ચાલુ રાખશે.' પીકેએ જામીનના બોન્ડ ભરવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તે જેલમાં પણ ઉપવાસ ચાલુ રાખશે. વધુમાં જણાવાયું હતું કે જો યુવાનો સાથે થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવો ગુનો છે તો પીકેને જેલમાં જવું તે સ્વીકાર્ય છે. આવી સ્થિતિમાં પીકે જેલમાં આમરણાંત ઉપવાસ ચાલુ રાખશે. પ્રશાંત કિશોરની પોલીસે સવારે ધરપકડ કરી હતી, ત્યારબાદ બપોરે SDJM કોર્ટે તેને જામીન આપ્યા હતા.

# નવા વર્ષમાં ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ કર્યું

(એચ.એસ.એલ),સિઓલ,તા.૬

ઉત્તર કોરિયાએ તેના મિસાઈલ પરીક્ષણોને લઈને ક્યારેય દુનિયાની પરવા કરી નથી. ઉત્તર કોરિયા ન તો પ્રતિબંધોની પરવા કરે છે અને ન તો યુદ્ધથી ડરે છે. આ જ કારણ છે કે તેણે ફરી એકવાર સમુદ્રમાં મિસાઈલનું પરીક્ષણ કર્યું છે અને નવા વર્ષમાં વિશ્વને સંદેશ આપ્યો છે કે તેનો મિસાઈલ કાર્યક્રમ આગળ વધતો રહેશે. દરમિયાન, દક્ષિણ કોરિયાના સૈન્યએ જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ સોમવારે કોરિયન દ્વીપકલ્પ અને જાપાન વચ્ચેના સમુદ્રમાં ૧,૧૦૦ કિલોમીટરની



રેન્જ સાથે બેલેસ્ટિક મિસાઈલ છોડ્યું હતું, ૨૦૨૫ માં તેની શસ્ત્ર પરીક્ષણ પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. દક્ષિણ કોરિયાના એક ટોચના સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે મિસાઈલ ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગ નજીકના વિસ્તારમાંથી છોડવામાં આવી હતી.

# કચ્છના કંઢેરાઈમાં ૧૯ વર્ષીય યુવતી બોરવેલમાં ખાબકી, બચાવ કામગીરી શરૂ


(એચ.એસ.એલ),ભુજ,તા.૬

ભુજના કંઢેરાઈ ગામના વાડી વિસ્તારમાં ૧૯ વર્ષીય યુવતી સવારના ૫:૦૦ થી ૫:૩૦ વાગ્યાના અરસામાં ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેને રેસ્ક્યુ કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. યુવતીને બચાવવા ભુજ ફાયર વિભાગ તેમજ ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. રેસ્ક્યુ ટીમ દ્વારા બોરવેલમાં કેમેરો મોકલીને પરિસ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેની સાથે યુવતીને ઓક્સિજન પણ પૂરુ પાડવામાં આવી રહ્યું છે. મહત્વપૂર્ણ છે કે, સ્થાનિક રેસ્ક્યુ દ્વારા કરાતી કામગીરીના ૧૨ વધુ કલાક પૂર્ણ થયાં છે. સમગ્ર ઘટનાની જાણ થતા પશ્ચિમ કચ્છ એસપી પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ પોલીસ સહિતના અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

# અમેરિકામાં બરફના તોફાનને કારણે હાહાકાર : લોકોની હાલત ખરાબ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૬

અમેરિકાના કેટલાક ભાગોમાં બરફવર્ષા, તોફાન અને તાપમાનમાં ઘટાડો થવાને કારણે સ્થિતિ ખતરનાક બની ગઈ હતી. આ બરફના તોફાનના કારણે કેટલાક વિસ્તારોમાં એક દાયકામાં સૌથી વધુ હિમવર્ષા થવાની સંભાવના છે. દેશમાં હવામાન વિભાગ દ્વારા પહેલેથી જ એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. અહીં અત્યંત ઠંડી છે, જેના કારણે રેલ, હવાઈ અને માર્ગ વાહનવ્યવહાર ખરાબ રીતે પ્રભાવિત થયો છે. દેશમાં બરફના



તોફાનના આગમનથી લોકો ડરી ગયા છે. કેન્સાસ, પશ્ચિમ નેબ્રાસ્કા અને ઈન્ડિયાનાના મોટા ભાગોમાં બરફથી મુખ્ય રસ્તાઓ ઢંકાઈ ગયા છે. નેશનલ વેધર સર્વિસે કેન્સાસ અને મિઝોરી માટે બરફના તોફાનની ચેતવણી જારી કરી છે.

# હંસિકાની ભાભીએ સાસુ-સસરા-પતિ-અભિનેત્રી વિરુદ્ધ નોંધાવી એફઆઈઆર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

અભિનેત્રી હંસિકા મોટવાનીની ભાભી મુસ્કાને તેના પતિ-સાસુ અને ભાભી હંસિકા વિરુદ્ધ ૧૮ ડિસેમ્બરે અબોલી પોલીસ સ્ટેશનમાં કલમ ૪૯૮ છ, ૩૨૩, ૫૦૪, ૫૦૬ અને ૩૪ હેઠળ એફઆઈઆર નોંધાવી હતી. ટીવી, બોલિવૂડ અને સાઉથમાં પોતાની એક્ટિંગ માટે પ્રખ્યાત હંસિકા મોટવાનીની ભાભીએ તેના માટે મુશ્કેલી ઊભી કરી છે. વર્ષ ૨૦૨૦માં હંસિકાના



ભાઈ પ્રશાંત મોટવાનીએ ટીવી એક્ટ્રેસ મુસ્કાન નેન્સી જેમ્સ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ હવે હંસિકાની ભાભી મુસ્કાને તેની સાસુ જ્યોતિ મોટવાની, પતિ પ્રશાંત મોટવાની અને ભાભી હંસિકા મોટવાની વિરુદ્ધ અંબોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રિપોર્ટ્સ અનુસાર, મુસ્કાને ૧૮ ડિસેમ્બરે અંબોલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૪૯૮-છ, ૩૨૩, ૫૦૪, ૫૦૬ અને ૩૪ હેઠળ એફઆઈઆર નોંધાવી હતી. આ નોંધાયેલી એફઆઈઆર મુજબ, મુસ્કાને ભાભી હંસિકા પર તેમના લગ્નજીવનમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે તેના પતિ અને તેના વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી.

# નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાશે ભારત અને આયર્લેન્ડ વચ્ચે મહિલા ક્રિકેટ મેચ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૬

ભારત સામે આયર્લેન્ડ મહિલા ક્રિકેટ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાવાની છે. ૧૦, ૧૨, ૧૫ જાન્યુઆરીએ સ્ટેડિયમમાં ક્રિકેટ ફીવર જોવા મળશે. આયર્લેન્ડની મહિલા ક્રિકેટરો અને ટીમના સ્ટાફનું રાજકોટમાં આરતી, ફૂલહાર વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિએશને દર્શકો માટે મેચ જોવી મફતમાં



રાખી છે. એટલે કે એન્ટ્રી ફ્રી રહેશે. આગામી ૧૦, ૧૨ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભારતીય મહિલા ટીમ આર્યલેન્ડ મહિલા ટીમ સાથે ત્રણ વનડે મેચની સિરીઝ રમશે જે મેચની શરૂઆત સવારે ૧૧ વાગ્યાથી થશે. બન્ને ટીમની મહિલા ખેલાડીઓ કાલાવડ રોડ પર આવેલ સયાજી હોટલ ખાતે રોકાણ કરશે. જાણકારોના મતે, રાજકોટની પીચ ખૂબ સારી છે, ખેલાડીઓને મનગમતી પીચ છે માટે અહીં ખૂબ સારો સ્કોર થશે. તે માટે પીચ ક્યુરેટરે પીચ તૈયાર કરવાની શરૂઆત કરી દીધી છે. રાજકોટના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ પર પહેલીવાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમ મેચ રમવા માટે આવશે.

**HMPV-હ્યુમન મેટાન્યુમોવાઈરસથી ગભરાવવાની જરૂર નથી, સાવચેતી રાખીએ**

# અમદાવાદમાં ૨ મહિનાનું બાળક HMPV વાઈરસ પોઝિટિવ

અમદાવાદ, તા.૦૬



ચીનના HMPV વાઈરસનો ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાયો છે. અમદાવાદના ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં બાળકને હાલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યું છે, જોકે તેની તબિયત સ્થિર છે. કોઈ ગભરાવા જેવું નથી. હોસ્પિટલમાં દાખલ બે મહિનાના બાળકને છેલ્લા ૧૫ દિવસથી શરદી, તાવ હોવાના કારણે તેની તબિયત વધારે ખરાબ થતાં સારવાર અર્થે અહીં દાખલ કરવામાં આવ્યું હતું. બાળકને પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું, જ્યાં રિપોર્ટ કરાવતાં HMPV હોવાનું સામે આવ્યું હતું. બાળકની તબિયત હાલ સ્થિર છે. આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV) એ કોઈ નવો વાઈરસ નથી, વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે. આરોગ્ય વિભાગ આ વાઈરસને લઈને તમામ તૈયારીઓ અને વ્યવસ્થાઓ સાથે સચેત છે. વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે તા. ૪ જાન્યુઆરીના રોજ રાજ્યના દરેક જિલ્લાના દરેક CDHO, MoH, સિવિલ સર્જન, SDH સુપ્રીન્ટેન્ડન્ટને આ વાઈરસના ચેપ સંબંધિત બાબતો પર સંપૂર્ણ ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં HMPV વાઈરસ સંબંધિત કેસના નિદાન માટે રાજ્યની ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલથી લઈ મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે વ્યવસ્થા ઊભી કરવામાં આવનાર છે. આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આ કેસનું નિદાન થઈ શકશે.

**મેટાન્યુમોવાઈરસ (HMPV)ના ચેપની સ્થિતિમાં શું ના કરવું**

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

**મેટાન્યુમોવાઈરસ (HMPV)ના લક્ષણો દેખાય તો શું કરવું ?**

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

**૨૭ માળના બે ટ્વીન ટાવર્સનું કામ ઝડપથી પૂર્ણ થશે**


# સુરત શહેરમાં દેશની સૌથી ઊંચી વહીવટી ઈમારત બનશે

(એચ.એસ.એલ),સુરત,તા.૦૬

સુરત શહેરમાં દેશની સૌથી ઊંચી વહીવટી ઈમારત બની રહી છે. ૨૭ માળના બે ટ્વીન ટાવર્સની ૩૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી હોવાનું જાણવા મળ્યું છે. બિલ્ડીંગનું બાંધકામ ઝડપથી પૂર્ણ થઈ રહ્યું હોવાના અહેવાલ છે. પીએમ મોદીએ પણ કેટલાક સૂચનો આપ્યા છે, જેમાં અમુક ફેરફારો કરાયા છે. આ પ્રોજેક્ટ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના ધોરણો પર આધારિત છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓ એક જ સ્થળે કાર્યરત રહેશે. નાગરિકોનો સમય બચશે. આ ઈમારત ૧૦૭.૬ મીટર ઊંચી અને ૨૮ માળની હશે. સાથે ભૂકંપ પ્રૂફ અને સાયક્લોન પ્રૂફ ડિઝાઈન અને સિક્યોરિટી-CCTV સર્વેલન્સ રૂમથી સજ્જ રહેશે. જેમાં બે ટ્વીન ટાવરો હશે, જે શહેરના વિકાસ અને વહીવટી ક્ષમતામાં સુધારો લાવવામાં મદદરૂપ રહેશે. આ ટ્વીન ટાવર સંપૂર્ણ રીતે ગ્રીન બિલ્ડિંગ છે, ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ ધોરણો અનુસાર ડિઝાઈન, એસટીપી ટ્રીટેડ પાણીનો પુનઃઉપયોગ કરીને ૩૫% પાણીની બચત, સોલર પેનલથી ૬-૭% વીજળીની બચત થશે. તમામ સરકારી કચેરીઓ એક જ સ્થળે લાવવાથી સરળતા અને પ્રશાસન કાર્યક્ષમતા વધશે. મેટ્રો રેલવે જંક્શન નજીક હોવાથી નાગરિકો અને કર્મચારીઓ માટે પરિવહન સુવિધાઓ સરળ થશે.

# વલસાડમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, લોકો ભયભીત

વલસાડ,તા.૦૬



વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપની ઘટનાઓને કારણે ભારે નુકસાન થયું છે. ભારતના ઘણા રાજ્યોમાં ભૂકંપની ઘટનાઓ સતત જોવા મળી રહી છે. ત્યારે ફરી એકવાર ગુજરાતના વલસાડમાં ભૂકંપના આંચકાના સમાચાર સામે આવ્યા છે. વહેલી સવારે ભૂકંપના આંચકાથી લોકો ભયભીત થઈ ગયા હતા. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ૩.૭ની તીવ્રતા સાથે ભૂકંપ આવતા કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. હાલના સમયમાં દેશ અને દુનિયાના ઘણા વિસ્તારોમાં ભૂકંપની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં, આપણી પૃથ્વીની અંદર ૭ ટેકટોનિક પ્લેટો છે. આ પ્લેટો પોતાની જગ્યાએ સતત ફરતી રહે છે. જો કે, ક્યારેક સંઘર્ષ અથવા ઘર્ષણ થાય છે. આ કારણથી ધરતી પર ભૂકંપની ઘટનાઓ જોવા મળે છે.

**આ મામલે સાયબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધાઈ**

# વડોદરામાં નિવૃત બેંક કર્મીને ડિજિટલ અરેસ્ટ કરી ૯૧ લાખ પડાવી લેવાયા

(એચ.એસ.એલ),વડોદરા,તા.૦૬

વડોદરા શહેરમાં એક નિવૃત્ત બેંક કર્મચારીને મોબાઈલ કોલ કરી મુંબઈ પોલીસ અને સીબીઆઈ અધિકારીના નામની ખોટી ઓળખ કરીને અને ધરપકડની ધમકી આપીને બેંક કર્મચારી પાસેથી ૯૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે સાયબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બેંક કર્મચારીએ કહ્યું કે, મને અન્ય અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ પોલીસના રાજેન્દ્ર પ્રધાન તરીકે આપી હતી અને પાર્સલ વિશે પૂછપરછ કરી હતી અને કહ્યું હતું કે પાર્સલ વિશે વધુ પૂછપરછ માટે તમને બીજો કોલ આવશે. ત્યારબાદ મને અન્ય નંબર પરથી વોટ્સએપ પર વોઈસ કોલ આવ્યો અને કોલ કરનારે કહ્યું કે હું સીબીઆઈનો અભિષેક પ્રધાન છું. મેં કહ્યું, મારું કેનેરા બેંકમાં કોઈ ખાતું નથી અને હું ક્યારેય મુંબઈ આવ્યો નથી, તેણે કહ્યું તમારે આ બધું સાબિત કરવું પડશે. જેના માટે તમારે તમારા બેંક ખાતાની વિગતો વગેરે તમામ નાણાકીય માહિતી આપવાની રહેશે, તેથી મેં આ માહિતી તેમને વોટ્સએપ પર આપી હતી અને ધરપકડની ધમકી આપીને બેંક કર્મચારી પાસેથી ૯૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

# ‘દીકરીને ન્યાય અપાવી ન શકતા ઈટાલિયાએ જાહેર સભાના મંચ પર જાતે જ પટ્ટા માર્યા’

(એચ.એસ.એલ),અમરેલી,તા.૦૬



અમરેલી લેટર કાંડનો મામલો ગરમાઈ રહ્યો છે. આ બનાવમાં એક યુવતીની ધરપકડ કરીને તેનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. જેને પગલે રાજ્યભરમાં રાજકીય ગરમાવા સાથે ખળભળાટ મચી ગયો હતો. દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા આજે મીની બજાર ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જનસભામાં મોટી સંખ્યામાં રત્ન કલાકારો, હીરા દલાલો તેમજ અન્ય લોકો જોડાયા હતા. તેમજ આમ આદમી પાર્ટીના નેતાઓ પણ હાજર રહ્યા હતા. ગોપાલ ઈટાલીયાએ જનસભાને સંબોધતી વખતે એવું કર્યું કે સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. અમરેલી લેટર કાંડમાં યુવતીની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ તેનું સરઘસ કાઢવામાં આવ્યું હોવાની વાત સાથે રાજ્યભરમાં રાજકીય ગરમાવો આવી ગયો હતો. યુવતીને જામીન મળ્યા બાદ નિવેદન આપતા કહ્યું હતું કે મને પોલીસ દ્વારા પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો. લેટર કાંડમાં યુવતી સીધી રીતે આરોપી ન હોવા છતાં પણ તેની સાથે પોલીસ દ્વારા જે કૃત્ય કરવામાં આવ્યું છે તેનું દુઃખ હોવાનું કહીને ગોપાલ ઈટાલીયાએ જાહેર સભાના મંચ ઉપર પોતાનો પટ્ટો કાઢીને પોતાને મારવાનું શરૂ કરી દીધું હતું. તેમણે માફી માંગતા કહ્યું હતું કે હું આ દીકરીને ન્યાય અપાવી શક્યો નથી તેથી હું પટ્ટા મારીને પોતાની જાતને સજા આપું છું.

# પાટીદાર અનામત આંદોલન ગરીબ પરિવારો માટે હતું : હાર્દિક પટેલ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૦૬




ગુજરાતના પાટીદાર અનામત આંદોલનથી સમાજને કશું મળ્યું નથી. અનામત આંદોલનનાં ૧૦ વર્ષ બાદ પહેલીવાર પાટીદાર અનામત આંદોલન પર ઉદ્યોગપતિ કરસન પટેલે આ વિસ્ફોટક નિવેદન આપી અનામત આંદોલનકારીઓ સામે આડકતરી રીતે સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, પાટીદાર અનામત આંદોલન કરનારાઓએ રાજકીય રોટલા શેક્યા છે. પાટીદાર અનામત આંદોલનથી કશું મળ્યું નથી. એટલું જ નહીં, પાટીદાર અનામત આંદોલનથી લેઉઆ પાટીદારની દીકરીને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હોવાનું કહીને ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે સીધી રીતે આંદોલનકારીઓ પર ઠીકરું ફોડ્યું છે. આ સાથે જ તેમણે બેધડક રીતે કહ્યું કે, અનામત આંદોલનમાં પાટીદાર યુવાનો શહીદ થયા અને ઉપરથી લેઉવા પાટીદારની દીકરીનું CM પદ ગયું. તેમણે આંદોલનકારીઓની નિયત સામે સવાલ ઉઠાવતાં કહ્યું કે, પાટીદાર આંદોલન અનામતનું હતું કે કોઈના કારનામાનું હતું? આ વિવાદ અંગે વિરમગામના ધારાસભ્ય અને આંદોલનનો યુવા ચહેરો હાર્દિક પટેલે કહ્યું કે, પાટીદાર અનામત આંદોલનથી સમાજને શું મળ્યું એ કરસનભાઈને ના ખબર હોય કેમ કે એ કરોડપતિ છે અને આ આંદોલન ગરીબ પાટીદાર પરિવારો માટે હતું.




# બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ - બીઆઈએસનો ૭૮મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર,તા.૦૬



ભારતીય માનક બ્યુરો - બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના ૭૮મા સ્થાપના દિવસે આયોજિત ક્વોલિટી કોન્કલેવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો. બીઆઈએસના અમદાવાદ કાર્યાલય દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી આ કોન્કલેવ યોજવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ અવસરે શાળાના બાળકોમાં ગુણવત્તા અને માનકને પ્રોત્સાહિત કરતી ગુજરાતી કોમિક બુકનું વિમોચન તથા ‘સ્ટાન્ડર્ડ કાર્નિવલ’ની ક્વિઝ કોમ્પિટિશનના વિજેતા વિદ્યાર્થીઓનું ટ્રોફી અર્પણ કરીને સન્માન પણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનવા તરફ ગતિ કરી રહ્યું છે. આ માટે આપણા ઉત્પાદનો, સેવાઓ, પ્રોડક્ટસ બધું જ વર્લ્ડ માર્કેટમાં સ્પર્ધા કરે તેવું સક્ષમ બનાવવામાં ભારતીય માનક બ્યુરો મહત્વનું યોગદાન આપે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનની વિઝનરી લીડરશીપમાં દેશમાં ક્વોલિટી અને સસ્ટેઈનેબલિટીને જે મહત્વ અપાયું છે તેના પરિણામે આજે ઈન્ડિયન પ્રોડક્ટસની ક્વોલિટી અને સ્ટાન્ડર્ડની અગાઉ જે ઈમેજ હતી તેમાં ૩૬૦ ડિગ્રી બદલાવ આવ્યો છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, એક વ્યક્તિથી દેશ, દેશના ઉત્પાદનો, સેવાઓની ગુણવત્તા બધામાં કેટલો મોટો ક્વોલિટેટીવ બદલાવ આવી શકે તે વડાપ્રધાને દુનિયાને બતાવ્યું છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનના દિશાદર્શનમાં ૨૦૧૬ માં જે નવા બીઆઈએસ અધિનિયમો લાગુ કરવામાં આવ્યા તેના પરિણામે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળ્યો છે.







